

# સૌરભ

ચંદ્રપ્રભસાગર

'ચિત્રભાનુ'

# સૌરભ



લેખક

'ચિત્રભાનુ'

ચંદ્રપ્રભસાગરજી

શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈની વાડી સામે : અમદાવાદ




પ્રથમાવૃત્તિ
વિ. સં. ૨૦૦૮, અક્ષય તૃતીયા
૨૭-૪-૫૨

દ્વિતીયાવૃત્તિ
વિ. સં. ૨૦૧૧, પર્યુષણ

તૃતીયાવૃત્તિ
વિ. સં. ૨૦૧૩, દીપાવલિ

૨

કિંમત [redacted] રૂપિયો

મુદ્રક : જયંતિલાલ દોલતસિંહ રાવત, દીપક પ્રિન્ટરી, ૨૭૭૬/૧, રાયપુર, અમદાવાદ-૧
પ્રકાશક : લાલભાઈ મણિલાલ શાહ, શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈની વાડી સામે : અમદાવાદ

સાધુતાની પ્રતાપી પ્રતિભા

જૈન આગમોના ઉદ્ધારક


મહાન જૈનાચાર્ય

પરમ ગુરુદેવ

# સ્વ. શ્રી. આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના

હસ્તાંબુજમાં

'ચિત્રભાનુ'



ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણ-કમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.

'ચિત્રભાનુ'

# પ્રસ્તાવ

**આ**પણા જાણીતા ચિંતકોમાં યુવાન મુનિરાજ શ્રી. ચંદ્રપ્રભસાગરજીનું સ્થાન અગ્રગણ્ય છે. એમની સાધુતા સમન્વયધર્મી છે, અને એમની ધાર્મિકતા કર્તવ્યપરાયણ છે. જીવનની પ્રત્યેક પળને એ સાધકના શહૂરથી વધાવે છે. અને એ સાધુજીવનની કઠોર પરિચર્યાભરી બહુમૂલી ચિંતન-ભરી પળોમાંથી આ અનેરાં મૌક્તિક આપણને સંપડાવે છે!

અનોખાં મૌક્તિકોનો આ સંગ્રહ 'સૌરભ' જગત, જીવન અને ધર્મ-ત્રણેને ઉજાળે તેવો છે. એની એક એક કણિકા હૃદય પર ચોટ કરનારી છે: ને જો પુણ્યનો પ્રસાદ હોય તો વાલિયા ભીલમાંથી ઋષિ વાલ્મીકિ સર્જનારી છે.

આવું સુંદર પુસ્તક અમારા શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટને આપવા બદ્દલ અમે વિદ્વાન મુનિરાજશ્રીના આભારી છીએ. આ સુંદર પુસ્તકને મુદ્રણની રીતે વધુ સુંદર બનાવવા જાણીતી મુદ્રણ સંસ્થા દીપક પ્રિન્ટરીએ પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. સમગ્ર ગ્રંથનું મુદ્રણ બે રંગમાં કર્યું છે. આશા છે, કે આ રીતે આંતરબાહ્ય સુંદર આ 'સૌરભ' પુસ્તકની બહુમૂલ્ય સૌરભ વાચકોનાં તન, મન, ધનને અજવાળશે.

લિ. ટ્રસ્ટીઓ

**લાલભાઈ મણિલાલ શાહ**

**જયભિખ્ખુ**

હઠીભાઈની વાડી સામે,
દિલ્હી દરવાજા બહાર: અમદાવાદ

# મુનિજીનું જીવનધન

**મહારાજશ્રી** ચંદ્રપ્રભસાગરજીનાં નિર્વ્યાજ પ્રેમ અને મમતાએ, મને અનધિકારી જનને પણ અધિકારી માની લીધો : અને એમની આ ચિંતનકણિકાઓ, જે ખરી રીતે, જીવનમાંથી મળેલાં પ્રકાશ, પ્રેમ અને અનુભવનો પરિપાક છે, એના માટે લખવાનો સંદેશ કહેવરાવ્યો.

આવી કોઈ પ્રવૃત્તિ માટેનો મારો અનધિકાર તો મારા ધ્યાનમાં જ હતો; પણ એમનાં શબ્દનું મૂલ્યાંકન પણ ધ્યાન બારું ન હતું. એટલે જાણીજોઈને જ આ અનધિકાર ચેષ્ટા આદરી છે એમ સૌને માની લેવાની વિજ્ઞપ્તિ છે.

એક વસ્તુનો હું વિચાર કરું છું. ચિંતનકણિકાઓ ક્યાંથી આવે છે, ક્યારે આવે છે, અને શા માટે આવે છે? આ વિષે જેમજેમ ઊંડું અવગાહન કરું છું તેમતેમ લાગે છે કે કાં તો જીવનની કોઈ અણમોલ પળનો અનુભવનીતર્યો એ સુંદર કાવ્યછોડ છે; અથવા તો એ કાંઈ જ નથી. કરુણ રસ નિષ્ફળ જાય ત્યારે એ અધમ હાસ્યને જન્માવે એવું આમાં છે.

જેમણે જીવનનાં અતળ ઊંડાણમાં કોઈક વખત એકાંતે પોતાની જાતને જોવા માટે ડોકિયું કર્યું નથી, તેને માટે આ ચિંતનકણિકાઓ જેવો જોખમભર્યો સાહિત્યપ્રયોગ બીજો કોઈ જ નથી. થોકબંધ લખાતાં મૌક્તિકો અને સૂત્રોની સામાન્યતા આની પ્રતીતિ કરાવવા માટે બસ થશે.

આવા પ્રયોગના મહર્ષિપદે પ્રાંત-સાહિત્યમાં ટાગોરનું સ્થાન પ્રથમ છે. પછી એ પંથ કાકા કાલેલકરે ખેડ્યો. અને ત્યાર પછી તો એ માર્ગે

અનેક મુસાફરો નીકળ્યાં. કેટલાક ભાથું લઈ ને—કેટલાક ભાથા વિના પણ.

પણ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનો આ સાહિત્યપ્રયોગ એક પ્રયોગ લેખે ભલે આ રૂપ-આકારને સ્વીકારીને થતો હોય, પણ એમની પાસેનું જીવનધન એટલું બધું ઢળી જતું દેખાય છે, કે એમને પોતાના જીવનપંથમાં એક કે બીજી રીતે એ આપી દીધા વિના ચાલી શકે તેમ જ ન હતું. દરેક મહાધનવાળાની એ ખૂબી છે. એમને એ આપ્યે જ છૂટકો થાય. Abundance of an artist એ ટાગોરનો જ શબ્દ યાદ આવી જાય છે.

અને મુનિશ્રી જીવનની પળેપળની અનુભૂતિને આ ચિંતનકણિકાઓ દ્વારા પ્રગટ કરે છે. ખૂબી એ છે કે એમણે સાધુજીવનની અંતરપ્રવૃત્તિની પ્રક્રિયાને જેટલી મનોહર શૈલીથી વ્યક્ત કરી છે, તેટલી મનોહર શૈલીથી સંસારની પોતે જોયેલી બહિર્પ્રવૃત્તિઓ વિષેના અનુભવો વ્યક્ત કર્યા છે. એમના લખાણુમાંથી જ એ સ્પષ્ટ જોઈ શકાય તેમ છે. થોડાં ઉદાહરણ જોવાં બસ થશે.

● 'પશ્ચાત્તાપનાં આંસુ સાથી વિના એક પણ સંત ઊર્ધ્વગામી બન્યો હોય તો મને કહેજો.'

● 'હથેળીથી ચંદ્રલોકને સ્પર્શ કરનાર અને પગની એડીથી સાગરના તળિયાને ખૂંદનાર માનવી, કદાચ વિશ્વનાં સર્વ તત્ત્વોને સમજી શકશે. નહિ સમજી શકે માત્ર એક જ તત્ત્વને—પોતાના મનને!'

● 'શત્રુ ન કરવો એ સારું છે. પણ અજ્ઞને મિત્ર કરી જીવન બગાડવું એના કરતાં પ્રજ્ઞને શત્રુ કરી જીવનમાં સાવધાન રહેવું શું ખોટું?'

● 'ઉપર વિશાળ અનંત અખંડ શુભ્ર આકાશ અને પગ નીચે પવિત્ર ગંભીર નાનાવર્ણી વાત્સલ્યમૂર્તિ વસુંધરા—આ બે સિવાય જીવનપંથમાં કોઈ સંગી કે સાથી નથી, એ નક્કર ભાવનાનો આવિષ્કાર આ

અરણ્યમાં ચાલી જતી પગદંડી કરાવે છે. આધુનિક સાધનોની બાંધેલી સડકો કદાચ સુંદર હશે, પણ તે ભાવનાને જન્માવવાને સમર્થ છે ખરી? નૈસર્ગિક વસ્તુઓમાંથી પ્રભવતો ભાવ કૃત્રિમ વસ્તુઓમાંથી જન્મે ખરો?'

● 'મારા આત્મપંખીને બે પાંખ છે. એક કલ્પનાની—બીજી વાસ્તવિકતાની. કલ્પના દ્વારા હું અફાટ આકાશમાં ઊડી શકું છું, તો વાસ્તવિકતા દ્વારા પુનિત વસુંધરા પર ચાલી શકું છું. આ જ મારા જીવનનું રહસ્ય છે.'

મુનિશ્રીએ આ વાક્યોમાં કહેલું એમનું જીવન-રહસ્ય એ ખરેખર જીવન રહસ્ય છે, માત્ર એમને માટે નહિ, તમામ, જેમને ધરતી સાથે માતૃપ્રેમ જાગ્યો છે ને આકાશ સાથે પિતૃપ્રેમ જાગ્યો છે, એ તમામને માટે ધરતી સુંદર રહેવાની છે, ને આકાશ વધુ સુંદર રહેવાનું છે. અથવા તો કલ્પના વિનાની નરી વાસ્તવિકતા એ જીવનખંડેર છે; અને વાસ્તવિકતા વિનાની એકલી કલ્પના એ જીવન પરપોટો છે.

કોઈક વખત એમણે જીવન માટે નિર્દંશ સુંદર કટાક્ષ પણ કર્યો છે.

'તર્ક? વાહ ખૂબ કેળવ્યો. આજ આપણે એવા તાર્કિક બન્યા કે જગતની માનવ-જાત ઉપર તો ઠીક પણ આપણા આત્મા ઉપર પણ આપણને શ્રદ્ધા ન રહી! આપણે કેવા મહાન તાર્કિક!'

'પોતાની જાત ઉપર પોતાને જ અશ્રદ્ધા! હું શા માટે છું એ પ્રશ્ન નહિ—હું છું કે નહિ એ જ પ્રશ્ન!'

આ ચિંતનધન દ્વારા મુનિશ્રીએ અનેક ગરીબ આત્માઓ માટે છુટે હાથે. ને વિશાળ દિલે, લક્ષ્મીની પરબ માંડી છે—પૈસાની નહિ. લક્ષ્મીની એમ કહેવું ઠીક પડશે, આંતરલક્ષ્મીની.

ઇચ્છવું એમાં અધિકાર નથી જોઈતો, એટલે આપણે ઇચ્છીએ કે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી, **ચિત્રભાનુ** રૂપે, આવી અનેક કૃતિઓ ગુજરાતી સાહિત્યને નિત્ય આપતા રહે.

ખાનપુર, અમદાવાદ, તા. ૧૦-૭-'૫૫ **ધૂમકેતુ**

# ભવનું ભાતું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

'ચિત્રભાનુ'

**નિરાશાની** મેઘલી હતી. પંથ વિકટ હતો. સંગી-સાથી કોઈ નહોતું. અંધારી રાતે આશાનો દીપક ધરનાર કોઈ નહોતું! એકલા આગળ વધવાનું નિર્માણ હતું! નિર્માણ ગમે તેવું હોય, નિરધાર અટલ હતો. આગળ જવું, પાછા ન હટવું!

એ એકલવાયા બેડેલા કપરા પંથમાં અઢી હજાર વર્ષ પૂર્વેનો એક પુનિત નાદ સંભળાયો: अप्पा मित्तममित्तं च આત્મા જ આત્માનો મિત્રને શત્રુ છે! એ નાદ મારા અભ્યાગી આત્માનો ધ્રુવતારક બની રહ્યો!

એ ધ્રુવતારકને સહારે વેરાન પંથ કાપવો શરૂ કર્યો. આહ! જાદુ તો જુઓ! કંટકભર્યા એ રાહમાં ગુલાબ ખીલી નીકળ્યાં! સહિષ્ણુતાભર્યા એ અવકાશમાં મારું મન-ચિત્ત એ ગુલાબોની સૌરભે મઘમઘી ઊઠયું!

જે સૌરભ મારું જીવન-પાથેય બની, એ સૌરભ સહુ કોઈનું પણ પાથેય–ભાતું બનો, એમ સમજી આ સૌરભને વહેવા છૂટી મૂકું છું.

૧૫–૮–'૫૫
સ્વાતંત્ર્ય-દિન

–ચિત્રભાનુ

# સૌરભનું સૌંદર્ય

**ગહન** જીવન-તત્ત્વોને સરળ વિચાર-કણોમાં આકાર આપવાની કળા વિરલ જનોમાં હોય છે. એટલા જ માટે સદા કલ્યાણકામી મહા પુરુષોએ એમના અપૂર્વ અગમ્ય ભાવોને પ્રાકૃતજનો માટે સુલભ દૃષ્ટાંતો, પ્રસંગો અને પાત્રોને પ્રત્યક્ષ રાખી સંસારને સુખમય કરવાની સમજણ આપવા અનેક પ્રયત્નો કર્યા છે. પરમ સત્યની શોધમાં પ્રવૃત્ત બનેલા સર્વ સાધુસંતોએ ત્રિકાલાબાધિત, અખંડ, રસપૂર્ણ, અવિચળ, અને સદા આનંદપ્રદ ચૈતન્ય પ્રવાહમાં તેનું રૂપ નીરખી સૌંદર્ય એવું બીજું અભિધાન આપ્યું. પણ બંને ભાવાત્મક અભિધાનોનું ત્રીજું પ્રત્યક્ષ સ્વરૂપ જનહિત કે જનકલ્યાણમાં જોયું. આ ત્રણે બાજુથી સત્યને જોનાર તેનું સાચું સ્વરૂપ અનુભવે છે.

જગતની અપાર સૃષ્ટિમાંથી મનુષ્યને જ નિરંતર આનંદ આપનાર અને કલ્યાણપ્રદ હોય છે તેનો જ સ્વીકાર ફિલસૂફો, તત્ત્વચિંતકો અને ઋષિઓ કરે છે. તેની જ પ્રતિષ્ઠા કરે છે અને માનવોને તેનો જ આદર કરવા ઉદ્બોધન કરે છે.

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ આ પુસ્તક દ્વારા એવી જ તત્ત્વચિંતનની એક કાવ્યમય રૂપાવલિ પ્રકટ કરીને આપણને પરમ સત્યનો કલ્યાણકારી પ્રસાદ આપ્યો છે. કલાપીની એક પંક્તિ અહીં સાર્થક બને છે: "ભૂલી જવાતી સો કિતાબો સામટી". જો માનવી હૃદયની નિખાલસતાથી પરમ સત્ય તરફ નજર કરી શકે તો "ભાગોળ ત્યાં વિશ્વની તૂટી પડે છે." એ રીતે સાધારણ માણસને પણ હરેક જીવન-વ્યવ-


હારમાં એકમેવ સત્ય અનેક સૌંદર્ય દ્વારા પ્રતીત થયા વિના રહેતું નથી.

આ પુસ્તક ગમે તેવી મનોદશામાં હાથમાં લેનારને ઉન્નત પ્રકારની વિચાર-સૃષ્ટિમાં મધુર વિહાર આપ્યા વિના નહિ રહે. મૈત્રી, પ્રેમ અને મોહની એમની વ્યાખ્યાઓ સુસ્પષ્ટ છે. જગતના પ્રાકૃતિક ક્રમને તેઓ અવગણતા નથી, પણ તેમાં ઉચ્ચ સંસ્કરણની અપેક્ષા દર્શાવે છે.

પુસ્તકના વાઙ્મય જેવી જ ચિત્રાંકનોની તાદૃશ્યતા અને સ્વચ્છ પૃષ્ઠરચના એ બાલકને પણ આકર્ષણ કર્યા વિના રહેશે નહિ, તેનો ધન્યવાદ કલાકારને અને મુદ્રકને ફાળે જાય છે. જેવી વિચારોની સુસ્પષ્ટતા છે તેવી જ સરળ શૈલીથી ચિત્રકારે જે નાનાં ચિત્રપટ્ટકો મૂક્યાં છે તે લેખકની ઉપમાઓને પ્રત્યક્ષ કરી સચોટ છાપ પાડે છે.

આ પુસ્તક કદી કોઈને કંટાળારૂપ નહિ બને. કોઈ પણ સ્વજનને ભેટ કે પારિતોષિક રૂપે મળશે તેને ચિર આનંદદાયી સ્મૃતિચિહ્ન બનશે. આ પુસ્તક દ્વારા મુનિશ્રીએ જનતાને પ્રેરણા આપી છે કે જ્ઞાન, તપ અને ત્યાગની પવિત્ર છાયામાં અંતઃકરણ, વૃત્તિઓ અને વિચારોને સૌન્દર્યના ઉન્નતોન્નત શિખર સુધી લઈ જઈ શકાય છે.

— રવિશંકર મ. રાવળ



# સૌરભ



હીન, ક્રૂર ને ધર્મવિહોણા દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.

'ચિત્રભાનુ'

## શ્રદ્ધા



શ્રદ્ધા, એ મોટામાં મોટું બળ છે. પરિશ્રમનું વૃક્ષ ત્યારે જ ફળ આપે છે, જ્યારે એમાં શ્રદ્ધાનું જળ સિંચાય છે.


## મર્યાદા

અપકૃત્યોને સદા ઢાંકી રાખે એવો પડદો વણનાર વણકર, હજુ સુધી તો વિશ્વને લાધ્યો નથી, એમ ઈતિહાસ કહે છે. સ્થાન અને કાળની મર્યાદા એવી વિચિત્ર છે, કે જગતના કુશળમાં કુશળ વણકરે વણેલા પડદાને ચીરીને પણ એ પાપનું દર્શન કરાવે છે !

## પ્રેમ ને સહિષ્ણુતા

મિત્રો, આટલું યાદ રાખજો, કે તર્ક ને ટીકાથી સંસાર કદી ચાલતો નથી. એથી સંસાર કડવો અને કંટાળાભરેલો બને છે. સંસારને મીઠો અને સુંદર બનાવવો હોય તો જીવનમાં પ્રેમ ને સહિષ્ણુતાને વ્યાપક બનાવો.

# વિકાસ



કમળને પાણી ઉપર આવવા માટે કીચડનો સંગ છોડવો જ પડે, તેમ મોક્ષ પામવાની ઈચ્છાવાળા સાધકને પણ મોહના કીચડમાંથી બહાર નીકળવું જ પડે. મોહમાં મસ્ત રહેવું ને વિકાસ સાધવો એ બે કદી સાથે બને જ નહિ.

## અન્વેષણ

આજનો પરાજય એ આવતી કાલના વિજયનું સીમાચિહ્ન બની જાય; જો પરાજયનાં કારણોનું ગંભીરપણે અન્વેષણ કરવામાં આવે તો !

## વિદ્યા

વિનયયુક્ત વિદ્યા જ સાચી વિદ્યા છે. જે વિદ્યાથી વિનમ્રતા ન આવે, તે વિદ્યા શા કામની? અને એ વિનયવિહોણી વિદ્યાને અવિદ્યા કહીએ તો શું ખોટું?

# મૌન



**મૌ**નથી શક્તિનો સંચય થાય છે. વિખરાયેલી શક્તિ મૌનથી પુનઃ કેન્દ્રિત બને છે; અને શક્તિ કેન્દ્રિત થતાં વાચામાં અપૂર્વ બળ આવે છે. એટલે મૌન એ વાચાને ઓજસ્વી બનાવવાનું અમોઘ સાધન છે. મૌનથી વાણીને સંયમિત કરનાર, મૌન વિનાના સમયમાં બોલતો હોય છે ત્યારે, એ પોતાના બોલવામાં, પોતાના શબ્દોમાં ને પોતાના વિચારોમાં કોઈ અનોખો આનંદ અનુભવતો હોય છે. આ વાત મૌનનો બિનઅનુભવી ન પણ સમજી શકે; પણ જે મૌન સેવે છે તે તો આ સત્યનું સંવેદન સુંદર રીતે કરતો હોય છે. આથી જ વક્તા બનવા ઇચ્છતા યુવાનોને હું કહું છું, કે મૌન એ પણ વાક્પટુતાનું એક રસિક સાધન છે!

## પશુ અને માનવ

**પ**શુ અને માનવમાં માત્ર આટલો જ ફેર છે:—દંડના ભયથી પ્રેરિત થઈને કાર્ય કરે તે પશુ અને કર્તવ્યની પ્રેરણાથી પ્રેરિત થઈને કામ કરે તે માનવ.



## દુરુપયોગ

પોતાની જાતને સુધાર્યા વિના જગતને સુધારવાની ઘેલછાથી માનવીની શક્તિ અને બુદ્ધિનો જે દુરુપયોગ થાય છે, એટલી બુદ્ધિ ને શક્તિ જો પોતાની જાતને સુધારવા માટે વપરાય તો માનવી મહત્તાના શિખરે પહોંચી જાય ને વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય પ્રસરી જાય.

## તડ

જળવિહોણા સરોવરની માટીમાં જેમ અનેક તડ-ચિરાડ પડે છે, તેમ માનવતાવિહોણા ધર્મમાં અનેક તડ-ચિરાડ પડે છે.

## માણુસ

ધર્મને જીવન-વ્યવહારમાં ઉતારવો એ અતિ મુશ્કેલ કાર્ય છે જરૂર, પણ એને જીવન-વ્યવહારમાં ઉતારે તે જ માણુસ !

## વિચાર



જ્યારે તમારામાં ગર્વ આવે, ત્યારે વિચારો કે તમારાથી શ્રેષ્ઠ અને આગળ વધેલા અનેક માણસો સંસારમાં મોજુદ છે; અને જ્યારે તમારામાં દીનતા આવે, ત્યારે વિચારો કે તમારાથી હલકા અને પાછળ પડેલા અનેક લોકો હયાત છે; આ વિચારથી તમારો ગર્વ ગળી જશે અને તમારી દીનતા ટળી જશે.

## જીવનનું માપ

બીજાને ગબડતો જોઈ, પોતે સંભાળીને ચાલે તે જ્ઞાની. પોતે એક વાર ગબડ્યા પછી બીજી વાર સંભાળીને ચાલે તે અનુભવી. પોતે વારંવાર ગબડવા છતાં ઉન્મત્ત બનીને ચાલે તે અજ્ઞાની !

## ઉપદેશ

ઘણી વાર સ્વકર્તવ્યમાં નબળો નિવડેલો માનવી, પરને ઉપદેશ દેવામાં સબળો બને છે !



# સંતોષ

મધ્ય યુગમાં શહેનશાહ અકબર વિલાસનાં જે સાધનો ન મેળવી શક્યો, એનાથી અનેકગણાં શ્રેષ્ઠ વિલાસનાં સાધનો આજના યુગનો એક સાધારણ નાગરિક મેળવી શકે છે; પણ તે યુગમાં એક સાધારણ નાગરિકને હૈયે જે શાન્તિ હતી, તે આજના યુગના સર્વ શ્રેષ્ઠ ધનિકને પણ નથી. શાન્તિ વિલાસી સાધનોમાં નહિ, પણ મનના સંતોષમાં છે.

## પરિગ્રહ-પરિમાણ

જેણે જીવનમાં પરિગ્રહ–પરિમાણ વ્રત અપનાવ્યું છે, તેના જ જીવનમાં સુખ ને શાંતિ વસે છે. પરિગ્રહ–પરિમાણ એટલે સંગ્રહવૃત્તિની મર્યાદા ! આવી મર્યાદા બાંધનાર પોતાનું જીવન સુખી કરે છે, અને એના સમાગમમાં આવનાર અન્યને એના તરફથી ઓછી મુશ્કેલીઓ ઊભી થાય છે, ઓછું શોષણ મળે છે.

## ધર્મ-શિખર



ધર્મના શિખરે પહોંચવા અહિંસા, સંયમ, તપ અને સેવાનાં પગથિયે ચડતાં શીખવું પડશે, ત્યારે જ ધર્મના શિખરે પહોંચાશે.

## તક

તમારા મતની સચ્ચાઈ પર જો તમારો પૂર્ણ આત્મવિશ્વાસ હોય તો તકની વાટ જોઇને નિષ્ક્રિય બેસી રહેશો નહિ; તક આવવાની નથી પણ તમારે ઊભી કરવાની છે. તમારા મતમાં પ્રમાણિકતા હશે તો નબળી તક પણ બળવાન બની જશે. તકને તકાસી બેસનાર કેટલાય નિર્માલ્ય માણસો કાંઇ પણ મહાન કાર્ય કર્યા વિના જગતમાંથી રડતા રડતા ચાલ્યા ગયા. મર્દ તો તે જ છે કે જે જીવનની દરેક પળને મહામૂલી સમજી–અપૂર્વ તક સમજી કાર્ય કર્યે જ જાય છે. એવા જ માણસો પોતાની ફરજ અદા કરતાં કરતાં મરણને પણ હસતાં હસતાં ભેટે છે.

# પવિત્ર ભીખ



હે આત્મદેવ! આજના મંગળ પ્રભાતે, હું આપની પાસે આ પવિત્ર ભીખ માગું છું: કોઈના ય સૌંદર્ય પર કુદૃષ્ટિ કરવાનો પ્રસંગ આવે તો હું અંધ થઇ જાઉં, કોઈની નિંદા સાંભળવાનો સમય આવે તો હું બહેરો થઇ જાઉં; કોઇના અવગુણ ગાવાનો સમય આવે તો હું મૂંગો થઇ જાઉં, કોઈનું દ્રવ્ય હરવાની વેળા આવે તો હું હસ્તહીન થઈ જાઉં.

## ભેદાભેદ

પરમાત્મા ને આત્મા (આપણી) વચ્ચે સ્વરૂપની દૃષ્ટિએ જરાપણ ફેર નથી. જેમ ખાણનું સોનું ને બજારમાં વેચાતું સોનું, સોનારૂપે તો એક જ છે: ફેર માત્ર એટલો જ છે કે બજારનું સોનું શુદ્ધ છે, ખાણનું સોનું અશુદ્ધ છે. પરમાત્મા કર્મથી અલિપ્ત છે, આપણે કર્મથી લિપ્ત છીએ, અશુદ્ધ છીએ. હવે પરમાત્માની આજ્ઞારૂપ અગ્નિમાં આપણી જાતને હોમીએ તો આપણે પણ શુદ્ધ થઇ શકીએ.

# પુરુષાર્થ



ભૂતકાળના પુરુષાર્થમાંથી વર્તમાન-કાળનું પ્રારબ્ધ સર્જાતું હોય છે, તેમ વર્તમાનકાળના પુરુષાર્થ-માંથી ભવિષ્યકાળનું પ્રારબ્ધ સર્જાશે, માટે જીવન-વિકાસના સાધકે પ્રારબ્ધની નામર્દાઈભરી વાતો છોડી, વર્તમાનમાં ભવ્ય પુરુષાર્થમાં અવિશ્રાન્ત લાગી જવું!

## પ્રતિભા

પ્રતિભા એટલે પરાજયને વિજય-માં ફેરવનાર આત્માની એક ચમત્કારી શક્તિ! આવી પ્રતિભા-વાળો માનવ પરાજયમાં પણ વિજયનું સ્મિત કરી જાણે!

## સાધન

ક્રોધના અગ્નિને શાંત કરવા સમ-તાનો ઉપયોગ કરો. માનના પર્વતને ભેદવા નમ્રતાનો સહારો લો. માયાની ઝાડીને કાપવા સરળતાનું સાધન વાપરો. લોભનો ખાડો પૂરવા સંતોષની સલાહ લો.



# જ્ઞાન

જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકારને સ્થાન નથી, અને જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ ન સંભવે. તેમ જ્યાં જ્ઞાન છે ત્યાં વાસનાને સ્થાન નથી, ને જ્યાં વાસના છે ત્યાં જ્ઞાન ન સંભવે!

## કૃત્રિમતા

મારા મિત્રો! તમે શાન્તિ અને ગંભીરતાથી વિચાર કરો. તમે બહારથી સુંદર ને ભલા દેખાવાનો પ્રયત્ન કરો પણ અંદર તમારું મન બેડોળ અને બૂરું હશે તો બહારનો કૃત્રિમ દેખાવ શું કામ લાગવાનો છે? જગતને કદાચ છેતરી શકશો, જગતની આંખમાં ધૂળ નાખી શકશો, પણ સદા જાગૃત રહેતા તમારા જીવન-સાથી આત્મદેવને કેમ કરી છેતરી શકશો? એની આંખમાં ધૂળ કેવી રીતે નાંખશો? બોલો, મારા મિત્રો, બોલો! આત્મદેવ આગળ તો તમે નગ્ન થઇ જવાના છો; તે વખતે તમારી આંખમાં ધૂળ પડશે તેનું શું?

## ઉચ્ચ ધ્યેય



**મા**નવી પાસે જીવનનું ઉચ્ચ ધ્યેય ન હોય ત્યારે તે પોતાનું જીવન વિલાસમાં પસાર કરે છે. અને એ વિલાસી જીવનના અતિરેકથી માનવીમાં રહેલી માનવતા પાશવતામાં ફેરવાઈ જાય છે. પછી અધઃપતન અને પાશવતાનું પ્રદર્શન વિશ્વમાં ખૂણેખૂણે ભરાય છે.

## સૌંદર્ય

ઇન્દ્રિયો દ્વારા અનુભવાય એ સૌંદર્ય નહિ પણ વાસનાનું પ્રેત છે. પૂર્ણ સૌંદર્ય તો પોઢે છે શાન્ત માનવીના પૂર્ણ પ્રશાન્ત હૈયામાં, જે બાહ્ય ઇન્દ્રિયોની સુષુપ્ત અવસ્થામાં જ અવલોકી શકાય ને અનુભવી શકાય!

## કર્મ

**ક**ર્મ બે પ્રકારનાં હોય છે : અધમ ને ઉત્તમ! ફળની ઇચ્છાથી કરેલું કર્મ અધમ ગણાય અને ફળની આકાંક્ષા–ઇચ્છા રાખ્યા વિના કર્તવ્યબુદ્ધિથી કરેલું કર્મ ઉત્તમ ગણાય.



# લાયકાત

ઊંડું ચિંતન, નિર્મળ ચારિત્ર ને તીવ્ર ઇચ્છાશક્તિથી માનવી આખા વિશ્વને પોતાના ચરણે ઝુકાવી શકે છે!

## અસ્વચ્છ આત્મા

સંતોની વાણીરૂપ પાણીથી તમારા આત્માને હમેશાં સ્નાન કરાવતા રહો. દાંત, મોં અને શરીર વગેરે જેમ સ્વચ્છ રાખવા પ્રયત્નશીલ રહો છો, તેમ આત્માને સ્વચ્છ રાખવા પણ સજાગ રહો. અસ્વચ્છ શરીર જેટલું ભયંકર નથી એથી વધુ ભયંકર તો છે અસ્વચ્છ આત્મા!

## પાપનો ભય

પાપનો ભય જ પાપકાર્યમાં પડતાં માનવીને બચાવે છે. પાપના ભય વિના નથી તો થતું પુનિત માર્ગે પ્રયાણ કે નથી અટકતું પાપના માર્ગનું ગમન!

# સંતવચન



આમાવાસ્યાની અંધારી રાતમાં એકલા ને અટૂલા પથિક માટે આશ્વાસનરૂપ હોય તો તે માત્ર આકાશના તારલા જ છે, તેમ સંસારરૂપ આકાશમાં જ્યારે ચારે બાજુ અજ્ઞાનનું અધારું છવાયું હોય ત્યારે જીવન-સાધકને આશ્વાસનરૂપ હોય તો તે સંતોનાં અનુભવ વચનરૂપ ચમકતા તારલા જ છે.

## સંકુચિત વૃત્તિ

કોઇ પણ રાષ્ટ્ર હો કે કોઇ પણ દેશ હો; કોઇ પણ સમાજ હો કે કોઇ પણ વ્યક્તિ હો, પણ જ્યારે એનામાં પરમ અસહિષ્ણુતાની સંકુચિત-વૃત્તિ જન્મે છે ત્યારે તેનું અવશ્ય પતન થાય છે.

## સમય

પ્રભાતે રોજ આટલું વિચારો: આખા દિવસના કેટલા કલાક ખાવામાં, ધંધામાં, ધમાલમાં અને નિદ્રામાં જાય છે અને સદ્‌કાર્ય, સદ્‌વિચાર અને પ્રભુ-સ્મરણમાં કેટલા કલાક જાય છે?

# પ્રિય દર્શન



અંધારઘેરા ઘોર અરણ્યમાં ભૂલા પડેલા કોઈ નિરાશ પથિકને, દૂર-અતિદૂર ટમટમતો દીપક, જેમ આશા ને હિંમત આપે છે, તેમ અનન્તના આ વિકટ પ્રવાસમાં મને પણ, પ્રભો! તારું પ્રિય દર્શન આશા ને હિંમત આપે છે. એટલે જ હું વિનમ્રભાવે ભીખ માગું છું કે પ્રભો! તારું પ્રિય દર્શન, મારા આ એકલવાયા પંથમાં સદા પ્રકાશ પાથરતું રહો.

## શ્રવણ રસ

રૂપવતી અને યુવતી સુંદરીના મધુર સંગીતને સાંભળવામાં જેવો રસ આવે છે, તેવો રસ સંતોની વાણી સાંભળવામાં આવે છે ખરો? આ પ્રશ્નના "હા" કે "ના"ના ઉત્તરમાં જ માનવીના માનસનો સાચો ઉકેલ આવી જાય છે.

# ધન ને મન



પૈસો આવવાથી જ મન સ્થિર બને છે ને પૈસો જવાથી મન અસ્થિર બને છે, એમ કહેનાર ધનને સમજે છે પણ મનને નથી સમજતા. સંતોષ ન આવે તો જગતની સંપત્તિ એને ત્યાં ઠલવાઈ જાય તો પણ મન સ્થિર બનતું નથી, અને સંતોષ આવી જાય તો સર્વ સંપત્તિ કદાચ ચાલી જાય તો પણ મન ચંચળ બનતું નથી; માટે મન ને ધનનો ભેદ ગંભીરતાપૂર્વક સમજવા જેવો છે.

## બાલ-માનસ

બાલમાનસ એ અરીસા જેવું છે. એના પર તમારા સદ્ કે અસદ્ વિચાર-વાણી-વર્તનનું પ્રતિબિંબ પડ્યા વિના રહેવાનું નથી; માટે બાળકોના હિત ખાતર પણ માતાપિતાએ સુધરવું જોઈએ. અને જે સુધરતા નથી તે સામાજિક ગુનો કરે છે.



# માનવતાનું તાંડવ

આપણે ભોળા જગતની શબ્દલીલા ન સમજી શકીએ! જગતના મુસદ્દીઓ જગતના રક્ષણ માટે માનવધર્મના નામની ટહેલ નાંખે છેઃ અને એ જ માનવધર્મના નામે વિશ્વમાં વિકરાળ ને ક્રૂર યુદ્ધ ખેલે છે. ઘણી વાર માનવ-ધર્મની વાતો ડાકલા જેવી બની જાય છે. એ બન્ને બાજુ વાગે છે. એમાંથી બન્ને ધ્વનિ નીકળે છે: અહિંસાનો ને હિંસાનો! જેવો વગાડનાર તેવો પડઘો. એ જ રક્ષક અને એ જ ભક્ષક!

## સામાજિક મૂલ્ય

દુનિયા દોરંગી છે. ઘડીકમાં તને સારો કહેશે ને ઘડી પછી ખરાબ પણ કહેશે. દુનિયા સારો કે ખરાબ કહે તે પ્રસંગે તું તારા જીવનનો અભ્યાસ કરજે. તું સારો છે કે ખરાબ? ખરાબ હો તો સુધરવું ને સારો હો તો મૌન! કારણ કે દુનિયાના શબ્દો કરતાં આત્માના શબ્દો મહત્ત્વના છે.

## આત્મનાદ




હું એક છું, અખંડ છું, શક્તિશાળી છું, મારો આત્મા શક્તિઓનો સ્રોત છે : આવું આત્મભાન જાગૃત થશે અને ઊંડાણમાંથી આત્મનાદ આવશે ત્યારે જ આપણામાં રહેલી મુડદાલ-વૃત્તિ ને ભીરુતા દૂર થશે.

### સંયોગબળ

વિશ્વમાં એવું ઘણુંયે હોય છે, જે માન્ય ન જ કરી શકાય; છતાં સંયોગોનાં કાવતરાં એ અમાન્ય વસ્તુને પણ માન્ય રાખવાની ફરજ પાડે છે.

### પાપબીજ

ભૂગર્ભમાં છુપાયેલું ગુપ્ત બીજ જ સંસારના ચોગાનમાં વૃક્ષ બની પ્રગટે છે, તેમ ભૂગર્ભમાં કરેલાં ગુપ્ત કૃત્યો પણ જગતના ચોગાનમાં વિવિધ રૂપે દેખાવ દે છે. એ દેખાવને સંતો પાપનો ઉદય કહે છે.



## ઝંખના

ઉપદેશકના ઉપદેશની અસર ત્યારે જ થાય, જો શ્રોતાના હૃદયના ઊંડાણમાં અલ્પ–સૂક્ષ્મ પણ આત્મવિકાસ માટેની ઝંખના હોય તો! પછી એ સૂક્ષ્મ ઝંખનાનું બીજ જરૂર વિકાસ પામશે.

## મનોધર્મ

તમારું મન જ સ્વર્ગ છે ને મન જ નરક છે. સુંદર વિચારોના પ્રકાશથી વિકસેલું મન સ્વર્ગનો આનંદ આપે છે, ખરાબ વિચારોના અંધકારથી બિડાયેલું મન નરકની યાતના ઉત્પન્ન કરે છે; માટે યાદ રાખો : મન જ હર્ષ ને શોકનું જનક છે.

## કાયર

પોતે હૈયાથી ન માનતો હોય છતાં ગુરુ, ગચ્છ કે વાડાના આગ્રહ ખાતર, સત્યને વેગળું કરનાર એ સાધુ પણ નહિ, માણસ પણ નહિ, ભીરુ પણ નહિ, પરંતુ કાયરનો પણ કાયર છે!

# નવનીત



નવનીત તો સમાધિપૂર્ણ ગંભીર મૌનમાં છે, નકરી વાતોમાં તો ખાટી છાશ જ છે.

## ક્રોધ

ક્રોધના કડવા પરિણામને જાણ્યા વિના ઘણા અલ્પજ્ઞ આત્માઓ, માત્ર માન-પાન મેળવવા માટે અન્તરમાં ક્રોધ ગોપવી, બાહ્ય સમતાને ધારે છે; પણ ગોપવેલો ક્રોધ અવસરે પોતાની શયતાનિયત બતાવ્યા વિના રહેતો નથી.

## વિજય–માર્ગ

આપણો વિજય આ રીતોમાં છે: ભવ્ય ભૂતકાળની વિખરાઇ ગયેલી વિરાટ શક્તિઓના સંચયમાં અને ભાવિની નવલી શક્તિઓના સર્જનનાં.



# આરસી

નાગરિકો નૈતિક રીતે નિર્બળ હોય ત્યારે સરકારે જ નૈતિક રીતે સબળ થવું જોઈએ, એમ એકપક્ષી કહેવું એ મૂર્ખાઈનું પ્રદર્શન છે. માનવીનું મુખ બેડોળ હોય ત્યારે અરીસાના પ્રતિબિંબે જ સુંદર બનવું ઘટે એના જેવી આ વાત છે.

## હક નહિ, યોગ્યતા

સ્વાતંત્ર્ય એ જન્મસિદ્ધ હક્ક નથી, પણ યોગ્યતાથી પ્રાપ્ત થયેલ અધિકાર છે. સ્વાતંત્ર્ય એ જો જન્મસિદ્ધ હક હોય તો બાળકને મતસ્વાતંત્ર્ય, વ્યભિચારીને આચારસ્વાતંત્ર્ય, મૂર્ખને વિચારસ્વાતંત્ર્ય, કજિયાખોરને વાણીસ્વાતંત્ર્ય અને જન્માંધને પરિભ્રમણસ્વાતંત્ર્ય મળવું જોઈએ. પણ તે મળે છે ખરું? અને એ મળે તો તેનું કેવું ભયંકર પરિણામ આવે? એટલે જ જીવનદ્રષ્ટાઓ કહે છે: હકનો નહિ પણ યોગ્યતાનો વિચાર કરો!

## ક્ષણ



પ્રમાદી માણસને ક્ષણ, કલાક, દિવસ, માસ, વર્ષ કે જિંદગીની પણ કિંમત નથી. અપ્રમત્તને તો એક ક્ષણ પણ સોનાનો કણ લાગે; કારણ કે સોનાને પ્રાપ્ત કરાવનાર અંતે તો ક્ષણ જ છે ને?

## માનવતા અને પાશવતા

માનવતા એ માલતી વિકસતું કુસુમ છે,—જે વાતાવરણને પોતાની મીઠી સુરભિથી મહેકાવી દે છે: જ્યાં સજ્જન મધુકરો ચિરકાળ વિશ્રામ લે છે. પાશવતા એ લસણની કળી છે; જે ત્યાંના વાતાવરણના વર્તુલને પોતાની દુર્ગંધથી ધમધમાવી દે છે: જ્યાં સજ્જન-ભ્રમરો એક ક્ષણ પણ ટકી શકતા નથી.

## મૂર્ખ

મૂર્ખ તો તે જ છે, જે પોતાના આત્માને છેતરતી વખતે એમ માને છે કે હું જગતને છેતરું છું.



# સાધના

ધર્મની આરાધના કરતી વખતે વિચારજે કે મૃત્યુ માથે ગર્જે રહ્યું છે, તો ધર્મ-આરાધના એકચિત્તે કરી શકીશ, અને વિદ્યાનો અભ્યાસ કરતી વખતે વિચારજે કે: મૃત્યુનો મેં જય કર્યો છે, તો નિર્ભય બની અભ્યાસ કરી શકીશ!

## વીરત્વ

પ્રિય, પથ્ય ને સત્ય બોલનાર તો વિશ્વમાં મહાવીરના જેવા કો'ક વિરલ જ હશે!

## ઠગાતો ઠગ

જે ઘડીએ માનવી અન્યને ઠગતો હોય છે, તે જ ઘડીએ તેની ઠગાઈ, ઠગનારને નીચે લઈ જતી હોય છે! ઠગનાર ઠગીને પ્રમુદિત બને છે, ત્યારે ઠગાઈ તેને નીચે પછાડીને આહ્‌લાદિત બને છે—આનંદ બન્નેને સરખો જ છે.

## આંસુ



મેં તને ક્યારે કહ્યું હતું કે આંસુ આપીશ નહિ! મેં તો એટલું જ કહ્યું હતું કે દંભનાં, ક્રોધનાં કે શોકનાં અપવિત્ર આંસુ આપીશ નહિઃ આપે તો પ્રેમનાં, કરુણાનાં કે સહાનુભૂતિનાં આંસુ આપજે!

## ફલેચ્છા

આજના લોકમાનસમાં એક ઉગ્ર ભાવના પ્રવર્તે છે; કોઈ પણ કાર્યનું ફળ શીઘ્ર મળવું જોઇએ! આ ઉગ્ર ભાવનાને લીધે માણસની નજર ફળ તરફ જાય છે, પણ કાર્યની નક્કરતા વીસરાઈ જાય છે. પરિણામે નક્કર કાર્ય પણ થતું નથી, ને ચિરંજીવ ફળ પણ મળતું નથી.

## પ્રાયશ્ચિત્ત

ભૂલ થવી એ સ્વાભાવિક છે, પણ થયેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત ન લેવું એ અસ્વાભાવિક છે.



# કોનો દોષ?

**પા**પમાં ડૂબેલાને પુણ્યશાળીનો સમાગમ આનંદ ન આપે એમાં પુણ્યશાળીનો શો દોષ? અરુણના આગમનથી જેવો આનંદ કમળને થાય તેવો આનંદ ઘુવડને ન થાય એમાં અરુણનો શો દોષ?

## સાધકની દૃષ્ટિ

**પ**તનના માર્ગે પ્રયાણ ઇચ્છતા મનને અટકાવવા માટે સત્સંગ, સદુપદેશ અને આત્મ-જાગૃતિની ક્ષણેક્ષણે ને પળેપળે જરૂરિયાત છે. આ વાત સાધકે સદા લક્ષમાં રાખવી જોઈએ.

## ભય

**ત**મારા હૃદયમાં એક વાર પણ ભયની ચિનગારી જો લાગી ગઇ તો તમારી શક્તિઓ કુંઠિત બની જશે. શક્તિઓને વિકસાવવા ખાતર પણ ભયને ભય પમાડો! નિર્ભય બનો! નીડર બનો!

# શિખર ને ખીણ



ક્ષણ પહેલાં ઉન્નતિના શિખર પર બિરાજનાર અને ક્ષણ પછી અવનતિની ખીણમાં ખેંચી જનાર ચંચળ મનને વશ કરનાર જ ખરેખર જગત પર કામણ કરનારો જાદુગર ગણાય !

## સ્નેહ

વિવેકપૂર્વકનો સ્નેહ, જીવનના વિસંવાદી તત્ત્વો વચ્ચે પણ પ્રેમભર્યો સદ્‌ભાવ સર્જે છે એટલે જ સ્નેહને પણ વિવેકની જરૂર પડે છે. વિવેકવિહોણો સ્નેહ તો દારૂ જેવો ભયંકર છે, જે ઘેનને આનંદ આપીને પછી એના જ હાથે એનું ખૂન કરાવે છે.

## ભાવના

પૌદ્‌ગલિક વાસનાઓથી મુક્ત અને આત્મિક કામનાઓથી યુક્ત ભાવના જ માનવીને જીવનવિકાસના મહામાર્ગ ભણી લઈ જાય છે.



# પ્રકાશ-પ્રાપ્તિ

જેણે અશ્રુ વહાવ્યાં નથી તે હાસ્યનાં મૂલ્યાંકન કેમ કરી શકશે ? કેવળ અંધકારમાં ઉછરેલો, પ્રકાશ કેમ ઝીલી શકશે ?

## પ્રકૃતિ

સાધારણ રીતે પ્રકૃતિને બદલવાનું કાર્ય મુશ્કેલ છે, પણ તીવ્ર પુરુષાર્થથી એ મુશ્કેલ કાર્ય પણ સહેલું બની જાય છે. એ જાણવા માટે પતનની ખીણમાંથી ઉન્નતિના ઉન્નતશિખરે પહોંચેલા મહાપુરુષોની જીવનજ્યોતિનું અવલોકન કરો.

## તેજોદ્વેષ

સરખેસરખામાં જેટલો તેજોદ્વેષ હોય છે, એટલો ઊંચનો નીચ તરફ કે નીચનો ઊંચ તરફ હોતો નથી. આ નગ્ન સત્ય સમજવા જેવું છે. આ માનસ-શાસ્ત્રનો સિદ્ધાન્ત વિચારણીય છે.

# માયાજાળ



**મા**નવી, ઓ માનવી! માયા એ જાળ છે. એ દેખાય છે સુંદર, પણ છે ભયંકર. એને ગૂંથવી સહેલ છે, પણ ઉકેલવી મુશ્કેલ છે. કરોળિઓ પોતાની આસપાસ જાળ ગૂંથે છે, પછી એ ઉકેલી શકતો નથી, ગૂંથેલી જાળમાંથી એ જેમજેમ છૂટવા પ્રયત્ન કરે છે, તેમતેમ એમાં એ વધારે ને વધારે ફસાતો જાય છે, તેમ તું પણ તારી રચેલી માયાજાળમાં ફસાઈ ન જાય, તે માટે સાવધાન !

## દુઃખનો મર્મ

**તું** જ્યારે દુઃખમાં સપડાય ત્યારે આટલો વિચાર કરજે : 'એ મને માર્ગદર્શન કરાવવા કેમ નહિ આવ્યું હોય ?' કારણ કે જીવનદ્રષ્ટાઓ કહે છે કે–ઠોકરો પણ કો'ક વેળા માર્ગદર્શક હોય છે! દુઃખ એવે સમયે માત્ર તને આટલી જ નમ્ર શિખામણ આપશે : 'ભાઈ ! આ દુઃખ એટલે તેં કરેલાં કામનો જ પડઘો છે !'



# ભવ્ય મૃત્યુ

મૃત્યુશય્યા પર પોઢતા દુનિયાના સર્વશ્રેષ્ઠ ધનકુબેરે મને કહ્યું : ‘ મરતાં પહેલાં આટલું મને કહી લેવા દે’–તારે મરવું હોય તો મરજે, પણ મારી જેમ નહિ ! કાંઈક અગમ્ય આશાથી, કાંઈક અદમ્ય ઉત્સાહથી, કાંઈક નિજનાં મધુર સંસ્મરણોના આનંદથી કે કાંઈક જીવનની એક પળમાં ભજવાઈ ગયેલા બનાવની યાદથી આવેલા મર્માળા હાસ્યથી મરજે ! એ મરણ મારા ક્રોડોના વૈભવ કરતાં ક્રોડગણું મહાન અને ભવ્ય હશે !

## ગરીબી અને અમીરી

તમારું દિલ ગરીબ છે કે શ્રીમન્ત ? બીજાને સુખી જોઈ, તમે દુઃખી થતા હો તો તમે ભલે સ્થિતિએ શ્રીમન્ત હો તો પણ તમારું દિલ ગરીબ છે. અને બીજાને સુખી જોઈ, તમે જો ખુશી થતા હો તો તમે સ્થિતિએ ગરીબ હો તો પણ તમારું દિલ શ્રીમન્ત છે.

## દીપક



શીલનો દીપક જેના હૃદયમાં જલતો છે એવા તેજસ્વી પુરુષો જ બીજા પર સદા-સર્વદા-સર્વત્ર વર્ચસ્વ ભોગવી શકે છે. બીજા તો વીજળીના જેવો ક્ષણજીવી ચળકાટ પાથરી ખુદ અંધકારમાં વિલીન બની જાય છે.

## કસોટી

તમારામાં ધર્મભાવના કેટલી ઊંડી છે, અને પૂજયનીય પ્રત્યે સેવાની અભિરુચિ કેટલી છે તેનું માપ કાઢવું હોય, તો મંદિરના પૂજારીને એક માસ રજા ઉપર મોકલી જુઓ. પછી હાથે કામ કરવાનો પ્રસંગ આવે ત્યારે જુઓ કે પૂજા કરનાર કેટલા ઉત્સાહી નીકળે છે!

## સુખ

સુખ અવળચંડી સ્ત્રી જેવું છે. જે ન બોલાવે તેની પાસે સ્વયં દોડી જાય અને આકાંક્ષાપૂર્વક જે બોલાવે તેનાથી દૂરદૂર ચાલ્યું જાય.



## છાશ ને માખણ

અનેક વાતોનાં ભાષણો કરનાર કરતાં એક વાતને આચારમાં મૂકનાર વધુ સારો છે. મીઠાઈઓનાં નામ માત્ર મોંએથી ગણાવી જનાર કરતાં સૂકા રોટલાનો પીરસનાર વધુ સારો છે.

## ઓ નારી!

પ્રેરણા, પ્રેમ અને પ્રમોદને દેનારી, ઓ નારી! તું જ જો કેવળ વિલાસનું પાન કરાવીશ તો વીરતાના અમૃતનું પાન કોણ કરાવશે?

## ફરિયાદ

બીજાએ તને શું કહ્યું તે તું યાદ રાખે છે, પણ તેં બીજાને શું કહ્યું તે તને યાદ રહે છે? એ જો તને યાદ રહી જાય તો બીજા શું બોલે છે, એની ફરિયાદ તારા મોઢે કદી નહિ આવે!

## સ્વાતંત્ર્ય



જે સ્વાતંત્ર્ય સંસ્કૃતિના વર્તુલને કલંકિત કરતું હોય તે સ્વાતંત્ર્ય માનવ જાતને અવનતિના માર્ગે લઈ જાય છે.

## પાપની શિક્ષા

પાપ તમાચો નથી મારતું, પરન્તુ માત્ર માણસની બુદ્ધિને જ ફેરવે છે, જેથી માણસ પ્રકાશ ભણી જતાં થંભે છે ને અંધકાર ભણી ધસે છે.

## પતન ને ઉત્થાન

આપણા હાથે જો કાળાં કામો થતાં હોય તો સમજવું કે આપણે અસ્તાચળ તરફ ધસીએ છીએ, અને આપણા હાથે ઉજ્જવળ કાર્યો થતાં હોય તો સમજવું કે આપણે ઉદયાચળ પર ચઢીએ છીએ.



# સાગરનાં ફીણ

ઐશ્વર્ય ને દારિદ્રય–સુખ ને દુઃખ એ તો જીવન–સાગરનાં ફીણ છે, જે મન–તરંગના ઘર્ષણમાંથી જન્મે છે, અને ઘર્ષણતા અંતે એમાં જ સમાઇ જાય છે–એમાં હર્ષ ને શોક કરવાનો શું હોય ?


## જાતને સુધારો

જ્યાં સુધી તમારા હૃદયમાં, જીવનમાં, વ્યવહારમાં સંસ્કાર વ્યાપક બનશે નહિ ત્યાં સુધી તમારાં કુમળાં બાળકોમાં સુસંસ્કાર આવી શકશે નહિ. સંતાનને સુધારવા ઇચ્છતા માનવીએ જાતને સુધારવી જોઇએ.

## સુધારક

તરતાં શીખીને જ તારવા જજો, નહિતર તમેય ડૂબશો ને સામને પણ ડુબાડશો. તેમ પોતાની જાતને સુધારીને જ બીજાને સુધારવા જજો, નહિતર તમેય બગડશો ને સાથે બીજાનેય બગાડશો.

# સંપત્તિ



પ્રારંભમાં ક્ષણિક આનંદને આપનારી, પ્રમાણિકતા વિના મેળવેલી સંપત્તિ જ, અંતે માનવીને ભયંકર વિપત્તિમાં મૂકી વિદાય લે છે.

## ધિક્કારનું ઔષધ

શિષ્યો ગુરુ તરફ પૂજ્યભાવ રાખે અને ગુરુઓ શિષ્યો પ્રત્યે સમભાવ દર્શાવે, તો આજે અરસપરસ જે ધિક્કારવૃત્તિ જોવામાં આવે છે, તે નાબૂદ થઈ જાય.

## સિદ્ધોની દૃષ્ટિ

આખા વિશ્વ પર સિદ્ધ આત્માઓની દૃષ્ટિ પડે છે, એટલે હું પણ એ સિદ્ધોની પવિત્ર દૃષ્ટિમાં વિચરું છું: આ વાત દૃષ્ટિ સમક્ષ રાખી દરેક કાર્ય કરવામાં આવે તો હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર ને સંગ્રહવૃત્તિનાં પાપો રહે ખરાં ?



## આહ્વાન

મારા મિલનની આતુરતાને માત્ર એક ઉપેક્ષાની ચિનગારીથી જલાવનાર ઓ મારા હૃદયેશ્વર પ્રભો ! હું પણ હવે જોઉં છું કે તું મને ક્યાં સુધી જલાવે છે અને ચલાવે છે?

## સુપાત્ર દાન

સજ્જન માણસને આપેલી તુચ્છ વસ્તુ પણ ઉત્તમ ફળને આપનારી થાય છે, જેમ ગાયને આપેલું તુચ્છ ઘાસ ઉત્તમ દૂધને આપે છે તેમ.

## જીવનના અંતરાય

વિષય, વિકાર, વિલાસ ને વિનોદ આ ચાર આત્માની અસ્મિતા સમજવામાં પૂર્ણ અંતરાયરૂપ છે. આ ચાર જાય તો જ આત્માની અસ્મિતા સમજાય.

## કાવ્યોત્પત્તિ



**સા**ચી કવિતા એ પ્રયત્નથી બનાવેલ માત્ર પદ્ય નથી; પણ કવિહૃદયની વેદના અને અસહાયતાના ઘર્ષણમાંથી ઝરેલ દિલનો એક પવિત્ર પ્રવાહ છે!

## ચિત્રગુપ્ત

**ત**મારાં ગુપ્ત પાપો કદાચ જગતથી છૂપાં રાખશો, પણ તમારા આરાધ્ય દેવ આત્માથી છૂપાં તો નહિ જ રાખી શકો ને?

## હિંમત

**પ**શુબળ વડે નિર્બળોને મારવા એ હિંમત નથી, પણ અંધ આવેશભરેલી હિંસક વૃત્તિ છે. હિંમત તો આ બે વાતોમાં જ વસે છે: પોતાનાથી થયેલી ભૂલનો નિર્દોષ ભાવે એકરાર કરવામાં અને થયેલી ભૂલનું જે કાંઇ પરિણામ આવે તે મર્દાનગીપૂર્વક સહન કરવામાં.



# વિનિમય

તું મને પ્રેરણા આપીશ તો હું તને કાવ્ય આપીશ. તું મને ઉત્સાહ આપીશ તો હું તને આનંદ આપીશ. તું મને જીવન આપીશ તો હું તને સત્ત્વ આપીશ, પણ તું મને નિરાશા આપીશ તો હું તને નિસાસા આપીશ! બોલ, તારે હવે મને શું આપવું છે?

## વ્યસન

વ્યસન માણસને કેવી મનો-ગુલામી તરફ ખેંચી જાય છે! લક્ષાધિપતિ કે કોઈ મહાન સત્તાધીશ પણ જ્યારે બીડી, ચા કે કોઈ બીજા વ્યસનનો ગુલામ બન્યો હોય, ત્યારે એ એક સામાન્ય માણસ પાસે બીડી કે ચાની માગણી કરતાં પણ શરમાતો નથી, ઊલટી ખુશામત કરે છે. આનાથી કનિષ્ઠ ગુલામી ને શરમની વાત બીજી કઈ હોઈ શકે!

# ચિંતનનું મૂલ્ય



સંસારવનમાં કંટક પર ચાલી પરિશ્રાંત બનેલો કોઈ જીવનયાત્રી મને મળશે તો હું, મારા જીવન-ઉપવનમાંથી મેળવેલાં આ ચિન્તનપુષ્પો, એના માર્ગમાં પાથરીશ. કદાચ પુષ્પો છૂંદાઈ જશે, પણ એની મીઠી સૌરભથી એ પ્રવાસીને અપૂર્વ શાંતિ તો મળશે ને! આ આનંદનું મૂલ્યાંકન અર્થની ગણતરીમાં મગ્ન રહેનારા અર્થશાસ્ત્રીઓ કરી શકશે ખરા?

## સમય

તમારો આજનો એક કલાક કઈ રીતે પસાર થાય છે, એ જો તમે બરાબર નિરીક્ષણ કરી શકતા હો તો તમારી જિંદગી કઈ રીતે પસાર થશે, તે તમે બરાબર કલ્પી શકો છો. કારણ કે સમયના ગર્ભમાં કલાક છુપાયેલો છે ને કલાકના ગર્ભમાં જિંદગી!

# મહેચ્છા



હું જો કોઇ શુભ ભાવનાઓનું બીજ બની શકું તો સંસારના ધૂળમાટીના ક્યારામાં રોપાઈ જાઉં અને ટાઢ-તડકો સહન કરી, એક મહાવૃક્ષ બની, સંસારયાત્રીઓને સદ્ભાવનાનાં મીઠાં ફળ આપું!

## અફસોસ

મિત્રો! 'અફસોસ' આ દીન શબ્દને કદી ઉચ્ચારશો નહિ. તમારી મહાન પ્રગતિને કોઈ રોકતું હોય તો, આ દરિદ્ર શબ્દનું ઉચ્ચારણ જ છે. અફસોસના ઊંડા ખાડામાં અટવાયેલો માનવ ઉન્નતિના મહાન્ શિખરને કદી પામી શકતો નથી. જિંદગી માટે અફસોસ કરવો એ તો મરેલા પાછળ છાતી કૂટવા જેવું છે. યાદ રાખજો, જિંદગીમાં આવતી વિપત્તિઓની ઘનઘોર વાદળીઓ પાછળ જ સુખના સૂરજનો પ્રકાશ છુપાયેલો છે!

# આત્મસૌંદર્ય




જીવન, એ આપણા કર્તવ્યનો પડઘો છે. જીવનના રંગ તો ફરતા છે. આ દુનિયામાં શાશ્વત શું છે? રંગ, રૂપ, ખુમારી, બળ, ઐશ્વર્ય–આ બધુંય નશ્વર છે. જીવનનાં રૂપ અને સૌંદર્ય સંધ્યાના રંગ જેવાં ક્ષણજીવી છે. ખરું સૌંદર્ય તો આત્માનું છે. સાદર્ય વસ્તુગત નહિ પણ ભાવનાગત છે. ભાવના જો ભવ્ય હોય તો આત્માનું ચિદાનંદમય સ્વરૂપ સમજાય છે. આવું સ્વરૂપ જેને સમજાય છે, તેને જગતની બીજી કોઇ પણ વસ્તુ આકર્ષી શકતી નથી. એને આત્માના રૂપ અને પરમાત્માના સૌન્દર્યની મસ્તીમાં, તેની ખુમારીમાં, કાંઈક અનોખી જ મજા આવતી હોય છે.

## જીવન-જનની

જીવન એ અંધકાર નથી પણ પ્રકાશ છે. એની જનની અમાવાસ્યા નહિ પણ પૂર્ણિમા છે!

# જીવનનો ફુગ્ગો



આપણું જીવન બાળકનાં ફુગ્ગા જેવું બની ગયું છે. સંપત્તિની હવા ભરાય છે ત્યારે તે ફૂલે છે, અને એ હવા નીકળી જતાં એ સાવ ચીમળાઈ જાય છે. પોલાણને દૂર કરવા સંસ્કાર ને જ્ઞાનની હવા એમાં ભરો તો એ સંપત્તિની ગેરહાજરીમાં પણ નક્કર રહેશે.

## બાધક ત્રિપુટી

કુસંપ, કામ ને સ્વચ્છંદ—આ ત્રિપુટી રાષ્ટ્ર—દેશ—સમાજ અને વ્યક્તિની વિજય-કૂચ રોકે છે—કુંઠિત કરે છે.

## સત્ય

પ્રિય અસત્ય કરતાં અપ્રિય સત્ય ઉભયને—બોલનાર અને સાંભળનારને—હિતકર ને સુખદ નીવડે છે.

## અસંતોષાગ્નિ



જગતની દૃષ્ટિએ સુખી દેખાતો માણસ ખરેખર સુખી હોતો નથી, કારણ કે એનું સુખ કાયમનું થઈ ગયું હોય છે, એટલે એ એના ધ્યાનમાં આવતું નથી. એની સુખની કલ્પનાઓ વધારે વિસ્તૃત થતી જતી હોય છે, અને એની સુખની કલ્પનાઓ જેમ વધારે વિસ્તૃત બનતી જાય છે, તેમ તેના હૈયામાં અસંતોષ વધતો જાય છે, અને અસંતોષ એ તો પાવકજ્વાળા છે! એ જ્યાં પ્રગટે ત્યાં બાળ્યા વિના રહે જ નહિ!

## પૂર્ણ દૃષ્ટિ

અંધ ચિત્રકારે ચિતરેલી છબી, દેખતા ચિત્રકારે ચિતરેલી છબી જેવી સુંદર તો ન જ હોય; તેમ અર્ધજ્ઞાનીએ ભાખેલું વચન, વિકસેલી અંતરદૃષ્ટિવાળા પૂર્ણ જ્ઞાનીના વચન જેવું શુદ્ધ સત્ય તો ન જ હોય!



# મૂર્તિ

નિરાકારનું જ્ઞાન ને ધ્યાન, નિરાકારવૃત્તિવાળા બન્યા પહેલાં થતું નથી. જ્યાં સુધી આપણી વૃત્તિ નિરાકાર ન થાય ને સાકાર છે ત્યાં સુધી સાકાર મૂર્તિની આવશ્યકતા નહિ, પણ અત્યાવશ્યકતા છે.

## ગુરુ–વૈદ્ય

શરીરના રોગને મટાડવા તું વૈદ્યનો આશ્રય લે છે, તેમ આત્માના રોગને મટાડવા ગુરુનો આશ્રય લે. વૈદ્યના વચન પર વિશ્વાસ રાખી તું જેમ પથ્ય પાળે છે, તેમ ગુરુના વચન પર પૂર્ણ શ્રદ્ધા રાખી સદાચારમય જીવન બનાવ! વૈદ્યના ઉપચારથી જેમ શારીરિક શાન્તિ મળે છે, તેમ ગુરુના વચનના પ્રતાપે તને આત્મિક શાન્તિ મળશે. શારીરિક શાન્તિ કરતાં આત્મિક શાન્તિ મહાન્ છે. આધ્યાત્મિક શાન્તિ વિના શારીરિક શાન્તિ ક્ષણભંગુર છે, એ તું ન ભૂલતો!


# વ્યવહાર જડતા



**પ**વિત્ર પ્રેમના અમૃત સરોવરને અવિશ્વાસના માત્ર એક વિષબિન્દુથી વિષ સરોવર બનાવનાર એ વ્યવહારકુશળ! તું ન આવીશ, ન મળીશ, ન બોલીશ; કારણ કે વ્યવહારકુશળ બનવા માટે, મારે મારા આ પુષ્પ જેવા કોમળ હૈયાને કાળમીંઢ પથ્થર જેવું કઠણ બનાવવાની કળા શીખવી નથી.

## આત્મસુધારણા

**લો**કમાનસ એવા પ્રકારનું છે કે, એ પારકાના દોષો ગણ્યા કરે પણ પોતાનો તો એક પણ દોષ યાદ ન કરે; પણ આપણે આપણું માનસ એવું કેળવવું જોઈએ કે જેથી આપણને આવા પ્રકારની વિચારણા આવે: 'મારા દોષો બતાવનાર, આ મારો ઉપકારી છે. એણે મારા દોષો ન બતાવ્યા હોત તો હું કેમ સુધરત?' લોકમાનસ કદાચ આપણે સુધારી ન શકીએ, પણ આપણે આપણું માનસ તો સુધારી શકીએ ને?



# કવિતા

વાસનાની વાણીમાંથી જન્મેલી કવિતા, સર્જન પહેલાં જ મૃત્યુ પામે છે.

ક્ષણિક આવેશમાંથી ઉદ્ભવેલી કવિતા, જન્મીને મૃત્યુ પામે છે.

સંયમભર્યા દીર્ઘ ચિંતનમાંથી પ્રભવેલી કવિતા જ સદા અમર રહે છે.

## પાપ

વિકારી-ભાવથી કરાયેલી મૈત્રીને પ્રેમ કહી સંબોધવા જેવું પાપ બીજું કયું હોઈ શકે?

## પ્રગતિની સાધના

આત્મ-ભાન સતેજ કર્યા વિના પ્રગતિ સાધનાર વૈભવની પ્રગતિ સાધી શકશે, આત્માની તો નહિ જ!

# નારી ને ગુલામી



**ના**રી-જગત ભાષણોમાં ભલે પુરુષના સ્વામિત્વને ન સ્વીકારે, પણ પુરુષ પ્રતિની ઔદ્ધિક ગુલામીમાંથી તો તે કદી મુક્ત થનાર છે જ નહિ. જો નારી-જગત વિલાસની ગુલામીમાંથી મુક્ત થશે, તો જ પુરુષોની ગુલામીમાંથી વાસ્તવિક રીતે મુક્ત બનશે.

## આનંદની મૃગતૃષ્ણા

**વિ**લાસની રંગીલી પ્યાલીમાંથી અખંડ આનંદનું અમૃતપાન કરવાની કામના સેવતો માનવી મૂર્ખાઓના રાજ્યમાં વસે છે.

## સ્પષ્ટ માયાજાળ

**સૌ**મ્ય ને સુખદ દેખાતો શ્રીમંતોનો આ સંસાર, ગરીબો માટે તો ભયંકર ને દુઃખદ જ છે, એ વાત નિત્યના જીવનમાં કેટલી સુસ્પષ્ટ છે?

# ચોગ્યતા



મિત્રો ! તમારામાં જો સદ્‌ગુણની સુવાસ છે, તો એ સુવાસ માટે કોઈનો અભિપ્રાય પૂછવાની જરૂર નથી. તમારા જીવનની સુવાસ જ, સામા માણસને બોલતો કરશે. પુષ્પો ભમરાને કદી કહે છે ખરાં કે અમારી સુવાસનાં તમે ગુણગાન કરો !

## સુવાસ

કિંમત, ફૂલની નથી, એમાં રહેલી સુવાસની છે. સુવાસ ચાલી જાય તો ફૂલની કિંમત પણ શુ છે ?

## દાનેશ્વર

પાઈનું દાન દેનાર જગતમાં દાતા તરીકે પંકાય છે, જીવનનું સર્વસ્વ અર્પનાર તો સદા અણ-પ્રિછચા જ રહ્યા છે !

## હાસ્યરંગ




અશ્રુ પછીનું હાસ્ય જ રંગીલું હાસ્ય હોય છે. હાસ્ય પછીનું હાસ્ય તો તદ્દન ફિક્કું હોય છે!

## સન્માન ને સ્વાગત

માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે ત્યારે એ ધર્મને બદલે ધનનું, સંતને બદલે સંપત્તિનું, વિરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન ને સ્વાગત કરે છે!

## આચાર ને ઉચ્ચાર

તારા ગુપ્તમાં ગુપ્ત વિચાર-તરંગને પણ પવિત્ર રાખ. એમાં અલ્પ પણ અપવિત્રતાના અંશને ભળવા દઈશ નહિ; કારણ કે વાણી એ વિચારતરંગની પુત્રી છે, અને એ પોતાના પિતાના સંસ્કાર લઈને જ જન્મે છે. પિતા અપવિત્ર હોય તો પુત્રી પવિત્ર ક્યાંથી સંભવે?



## નકલ

કિંમતી વસ્તુની જ હમેશાં નકલ થાય છે. નમાલી વસ્તુની નકલ કદી થતી નથી. સોનાની નકલ રોલ્ડગોલ્ડ અને સાચા મોતીની નકલ કલચર થાય છે; પણ ધૂળની નકલ કોઇ કરતું નથીઃ તેમ ધર્મ પણ કીમતી છે એટલે એની નકલો ઘણી થાય છે, માટે ધર્મના અર્થીએ પરીક્ષક બનવાની જરૂર છે.

## સારું તે મારું

જૂનું એટલું સારું ને નવું એટલું ખરાબ-આ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે. નવું એટલું સારું ને જૂનું એટલું ખરાબ-આ વિચાર છીછરા વાચનમાંથી ઉદ્ભવેલો છે! પરંતુ વિશાળવાચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થયેલો વિચાર તો એટલો જ હોઇ શકે, કે નવા કે જૂનાને મહત્ત્વ આપ્યા વિના, એ બેમાં જે સારું તે મારુ!

## સાચો વિજય



સમરાંગણનો વિજયી એ સાચો વિજેતા નથી, પણ ઇન્દ્રિયો પર વિજય મેળવનાર જ સાચો વિજેતા છે. દુનિયાને જીતવી સાવ સહેલી છે; ઇન્દ્રિયોને જીતવી જ કઠિન છે.


### મૂલ્ય

માનવજીવનનો જેટલો સમય બૂરાં કાર્યો કરવામાં જાય છે, એનો અર્ધો સમય પણ સારાં કાર્યો કરવામાં જાય તો પોતાનું ને એના સમાગમમાં આવનારનું કેટલું કલ્યાણ થાય!

### કાવ્ય–સર્જન

ઊર્મિની ઉછળેલી છોળ જેમાં પછડાયા વિના જ અખંડ રીતે જળવાઈ રહે, એવા કાવ્યના સર્જનની અમર પળને પ્રાપ્ત કરવા કવિનું ઊર્મિલ હૈયું સદા ઝંખતું હોય છે.

# વિજ્ઞાન



આજના વિજ્ઞાને માનવ-સેવાને બદલે માનવ-સંહારનું કાર્ય કર્યું છે, એટલે આજના યુગમાં વિજ્ઞાનનો અર્થ વિશેષ જ્ઞાન નહિ, પણ જ્ઞાનનો વિનિપાત છે!

## સ્વરૂપ

આત્મા જ આત્માનો આશક ને આત્મા જ આત્માની માશુક છે! તમને અરીસામાં તમારું મુખ બરાબર જોતાં આવડે છે? જો હા, તો તમે આ વાત બરાબર સમજી શકશો.

## વૈભવની અસ્થિરતા

જેઓ પોતાના વૈભવને પોતાના જીવનપર્યંત સ્થિર માને છે, તેઓ સંધ્યાની રંગીલી વાદળીની રંગલીલાને સ્થાયી માનવાની મૂર્ખાઈ તો નથી કરતા ને?

# માણસનું ઝેર



'સર્પ ઝેરી છે, માટે એ ભયંકર છે; એથી ચેતતા રહેજો' એમ કહેનારને, એટલું કહેજો કે, સાથે આટલું ઉમેરતો જા: 'માણસ માનવતા ભૂલે તો એ મીઠો હોવા છતાં વધુ ભયંકર છે; ઝેરી સર્પ તો અજ્ઞાનતાથી કરડે છે, પણ માનવતાવિહોણો મીઠો માણસ તો જાણીબૂઝીને કરડે છે. માત્ર કરડવાના પ્રકારમાં જ ફેર છે, પરિણામ તો બન્નેનું સરખું જ છે.

## નિષ્ફળતાનાં મૂલ્ય

ઓ મારા જીવનની નિષ્ફળતા! તને કયા શબ્દોમાં બોલાવું? તને કયા પ્રેમભર્યા સંબોધનથી સંબોધું? તું આવી હતી રડાવવા, પણ જાય છે હસાવીને! તું મારા ભણી ડગલાં ભરતી હતી હસીને, પણ વિદાય લે છે રડીને! આવજે, આવજે, આવજે ઓ મારા જીવનની નિષ્ફળતા! વળી કો'ક વાર રડવાનું મન થાય ત્યારે ચાલી આવજે. મારા મનોમંદિરનાં દ્વાર તારા માટે સદા ખુલ્લાં છે.




## ચેતવણી

આજે હિરોશીમાં આદિ સ્થાનોમાં જે રીતે વિજ્ઞાનનો ઉપયોગ થઈ રહ્યો છે, એ જ રીતે જો ભવિષ્યમાં પણ ચાલુ રહેશેઃ તો આજે જેમ વસ્તુની તંગી અનુભવાય છે, તેને સ્થાને વસ્તુ વાપરનારની તંગી તો ઊભી નહિ થાય ને?

## જ્ઞાની અને ધૂની

બોલનાર અભણ હોય તો એનો અર્થ નથી સમજાતો, તેમ અતિ ભણેલો હોય તો એનો મર્મ નથી સમજાતો; કારણ અભણ પોતે શું બોલે છે એ નિશ્ચિત રીતે પોતે જ સમજતો નથી, જ્યારે અતિ ભણેલા પોતાનું બોલવું સભા સમજે છે કે નહિ, એ નથી સમજી શકતો, આજ કારણે દુનિયા ઘણી વાર ભણેલાને મૂર્ખ પણ કહે છે, ને મૂર્ખને તત્ત્વચિંતક–ધૂની પણ કહે છે!

# સચ્ચારિત્ર્ય




પળોટાયા વગરનો હાથી જેમ શાંતિથી ખીલે ટકતો નથી અને વનમાં જવા પ્રયત્ન કરે છે; તેમ કેળવાયા વગરનો સાધુ પણ સાધુતામાં ટકતો નથી, અને પ્રપંચરૂપી વનમાં જવા પ્રયત્ન કરે છે.

દર્શનાનંદ

પોતાના પ્રિયતમની છબી જોઇ જેમ પ્રેમીનું હૈયું પ્રેમોર્મિથી નાચી ઊઠે છે, તેમ ભક્તનું હૃદય પણ પોતાના પ્રિયતમ પ્રભુની મૂર્તિ જોઈ આનંદોર્મિથી નાચી ઊઠે છે!

યુગબળ

યુગની કેવી વિષમતા! એક દિવસ ત્યાગીઓ ભોગીઓની દયા ચિંતવતા. આજે ભોગીઓ ત્યાગીઓની દયા ચિંતવે છે!



# પ્રતિબિંબ

ક્રોધની સામે ક્રોધ કરવો એનો અર્થ એ કે એક ગાંડાને જોઈ, આપણી જાતને પણ જાણી જોઈને ગાંડી કરવી.


## સેવક ને નેતા

ઓછું બોલે ને વધારે કાર્ય કરે, તે સેવક! વધારે બોલે ને ઓછું કાર્ય કરે, તે નેતા. એનો અર્થ એ જ કે જેની જીભ નાની તેનું કામ મોટું ને જેની જીભ મોટી તેનું કામ નાનું.

## પ્રેમનો ઉચ્ચાર

શબ્દ ઈશ્વરના જેટલો જ પવિત્ર ને મહાન છે, અને પ્રેમ પણ શબ્દના જેટલો જ પવિત્ર ને મહાન છે—આ બે વિચારધારા, જીવનમાં જો અખંડ રીતે વહેતી હોય તો માનવી, પ્રેમના શબ્દને કેટલો પવિત્ર ને મહાન ગણે!

## દુર્જનતા



આંખ સજ્જન છે, અંધકાર દુર્જન છે; માટે જ આંખે અંધકારનું કાંઈ ન બગાડ્યું હોવા છતાં, આંખને જોવામાં અંધકાર અંતરાય કરે છે.

## પ્રેમનો ડંખ

પ્રેમનો પહેલો સ્પર્શ અમૃતનો હોય છે, પણ છેલ્લો ડંખ વિષધરનો હોય છે. જેનામાં એ ડંખનું ઝેર જીરવવાનીની શક્તિ નથી હોતી, એ પ્રેમ નથી મેળવતો, પણ પશુતા મેળવે છે.

## આત્માને ચેતવણી

ક્રોધનો સન્નિપાત શું કે માનનો મહાગિરિ શું; માયાનું તાંડવ શું કે લોભની અપાર ગર્તા શું–એ સૌ મોહ-ભૂતની રૂપાંતર પામેલી ભૂતલીલા જ છે, માટે હે આત્મન્! ચેત! ચેત!



# રુદન

રુદનનું મૂલ્ય હાસ્યના મૂલ્ય કરતાં જરા પણ અલ્પ આંકીશ નહિ. ઘણી વખત જીવનમાં એક પળનું રુદન હજાર વર્ષના હાસ્ય કરતાં મહાન હોઈ શકે. બેપરવાઈભર્યા હાસ્યથી ખોયેલું જીવનસત્ત્વ, પશ્ચાત્તાપભર્યા રુદનના માત્ર એક જ અશ્રુબિંદુથી મેળવી શકાય છે. આ દૃષ્ટિએ હાસ્ય કરતાં રુદન કેટલું મહત્ત્વનું છે!

## પરખ

સામી વ્યક્તિના મુખના ભાવ પરથી પોતાના માટેનો સારો યા ખરાબ અભિપ્રાય સમજી શકે તે જ વિચક્ષણ અને તે જ ખરો માણસ!

## અજબ દુનિયા

વ્યક્તિ નાની હોય ને ગુણો મોટા હોય; ગુણો નાના હોય ને વ્યક્તિ મોટી હોય—આવા બનાવો આં રંગીલી દુનિયામાં શોધવા જશો તો ઘણા મળી રહેશે.

# અનુભવ-વાણી



કલ્પનાથી લખાયેલાં મહાકાવ્યો કરતાં અનુભવની એરણ પરથી ઊતરેલાં સાદાં વાક્યો ઘણાં મહત્ત્વનાં હોય છે.

## અમરતાનો ઉપાય

વીરના સપૂત! તું મરવા માટે નથી જન્મ્યો પણ અમર બનવા માટે સર્જાયો છે. અમર બનવા માટે તારા જીવનનો ઉમદા હિસાબ દુનિયાને આપતો જા. દાનવતાનું તાંડવ નૃત્ય કરતા જગતને માનવતામાં વિશ્રાંતિ પમાડતો જા; માનવીનાં કાળમીંઢ હૈયા પર દિવ્ય પ્રેમ અને વિશ્વવાત્સલ્યનાં છાંટણાં છાંટતો જા. માનવીનું ભાવિ ઉજ્જ્વળ થાય એ માટે તારા જીવનનો શુભ્ર પ્રકાશ ધરા પર પાથરતો જા. અવિશ્વાસુ વિશ્વના હૃદયમાં, સ્થાયી વિશ્વાસની સૌરભ મહેકાવતો જા! સ્વાર્થની પરાધીનતામાં જકડાયેલાં માનવીને પરમાર્થની વાસ્તવિક આઝાદી અપાવતો જા. જીવનને અમર બનાવવાનો આ જ અમોઘ અને અજોડ ઉપાય છે!



# પ્રેમનું સ્વરૂપ

તું મને પ્રેમનો વિસ્તૃત અર્થ પૂછે છે? તો આટલું નોંધી લે: તાજા જ જન્મેલા પોતાના શિશુને મૂકી શિકારીને હાથે હણાઈ જતી હરિણીની આંખમાં, પોતાના બચ્ચા માટે અનેક વેદના–મિશ્રિત જે ભાવ પ્રગટે છે, એ ભાવનું નામ જ પ્રેમ!

## બિનઅનુભવ

એણે કહ્યું: 'આ તો આનંદ માટે નિર્દોષ ભાવે જ ભૂલ કરી હતી. એનું પાપ મને ન લાગે.'

મેં કહ્યું: 'તેં આનંદ માટે નિર્દોષ ભાવે ઝેર પીધું નથી, એટલે જ તું મને ઉત્તર આપી શકે છે!'

## બળેલો બાળે

જેનું જીવન ધૂળ થયું છે તે ઘણાંના જીવન ધૂળ કરે છે. ઘણાને બચાવવા હોય તો એવા એકને બચાવો, નહિતર એ એક બળેલો અનેકને બાળશે.

## પ્રતિજ્ઞાભંગ



**એ** દિવસ તું કેમ ભૂલી ગયો, જ્યારે તારું શરીર રોગોથી ઘેરાઈ ગયું હતું ને પલંગમાં પડ્યો પડ્યો તું આ રીતે ગણગણતો હતો: 'હે ભગવાન! મને બચાવ. હું સાજો થઈશ એટલે તારું ધ્યાન ધરીશ, પરોપકાર કરીશ, ધર્મની આરાધના કરીશ, સદાચાર ને સદ્વિચારમાં જિંદગી વ્યતીત કરીશ.' અને આજે તું સાજો થયો એટલે એ પ્રાર્થનાને સાવ વીસરી ગયો? ભલા માનવ! આના જેવું બેવચનીપણું બીજું કયું હોઈ શકે? પણ યાદ રાખજે, આ રીતે સત્યરૂપી પરમેશ્વરની મશ્કરી કરનારને, કુદરત પણ ક્રૂર રીતે જ શિક્ષા ફટકારે છે.

### અર્પણ-શક્તિ

**જ**ગત માટે પોતાના જીવનને ઘસી નાખનાર મનુષ્ય, પોતે ઘસાતો નથી, પણ પૃથ્વી પર સ્વર્ગ ઊભું કરે છે.

# વિવેક



સંધ્યાના રંગ જોઈ જીવનનાં રંગનો ખ્યાલ કરજો. ચિમળાયેલ ફૂલને જોઈ જીવન પછીના મરણનો વિચાર કરજો.

## ઉપયોગ

નયનને કહો કે જ્યાં જ્યાં તારી નજર પડે ત્યાં ત્યાં ઊંડું સત્ય શોધજે. કાનને કહો કે જે જે સાંભળે તેમાંથી ઊંડો બોધપાઠ લેજે. વાચાને કહો કે જે જે ઉચ્ચારે તેમાંથી સત્ય ટપકાવજે. કાયાને કહો કે જ્યાં જ્યાં તું હાજરી આપે ત્યાં ત્યાં સેવાની સૌરભ પ્રસરાવજે.

## અયોગ્યતાનાં સન્માન

અયોગ્ય વ્યક્તિઓને માન આપતા લોકોને જોયા અને માનને યોગ્ય વ્યક્તિઓનો તિરસ્કાર કરતા લોકોને જોયા; પછી તો આ હૃદયથી ન રહેવાયું એટલે આ સહૃદયી હૃદય રડી પડ્યું !


## ધ્યેયહીન



હું સાગરકિનારે બેઠો હતો. અનંત જળરાશી પર ડોલતી એક નૌકા પર મારી નજર પડી. ધ્યેયહીન ડોલતી નૌકા જોઈ મને જીવન સાંભરી આવ્યું. જીવન પણ નૌકા જેવું છે ના? બંદરનો નિર્ણય કર્યા વિના જે નૌકા લંગર ઉપાડે છે; અને અનંત સાગરમાં ઝંપલાવે છે, તેના માટે વિનાશ નિશ્ચિત જ છે; તેમ ધ્યેયનો નિર્ણય કર્યા વિના સંસારસાગરમાં જીવન–નાવને વહેતું મૂકનાર માટે પણ વિનાશ અફર છે.

## ઉપેક્ષાનો મર્મ

તું મને ન સ્વીકારે એ જ યોગ્ય છે. 'પાવન બનીશ તો સ્વીકારશે'-આ પવિત્ર આશાએ પણ મને પાવન બનવાની તક મળશે. અને પાવન બનીશ એટલે તારામાં ને મારામાં પછી અંતર રહેશે ખરું?



# અનુભવ

તમે મને મારા જીવન-પંથના અનુભવોનું વર્ણન કરવા વિનવો છો અને એમાંથી પ્રેરણા મેળવી, તમે તમારા જીવનની સમસ્યાઓને ઉકેલવા માંગો છો? તો જરા ઊભા રહો; મારા અનુભવોમાંનો એક જ ટૂંકો અનુભવ, તમને કહું : તમારે કોઈનો અનુભવ, કોઈની વિશિષ્ટતા કે કોઇની ખાસીયત જાણવાની જરાય જરૂર નથી. જીવનપંથમાં આગળ વધવા માટે આ બધી વસ્તુઓ અનાવશ્યક છે. આગળ વધવાના માર્ગ બે જ છે:—પૂર્ણ સંયમ અને આત્મજાગૃતિ!

## ગુલાબનું અત્તર

નિર્મળ ચરિત્ર એ ગુલાબનું અત્તર છે. એ તમારી પાસે હશે તો એ જેમ તમને આનંદ આપશે, તેમ તમારી નિકટમાં વસતા માનવોને પણ સુવાસ આપશે.

## ફૂલનાં આંસુ



કરમાતાં કરમાતાં રડી પડેલા પુષ્પને મેં પૂછ્યું: 'સોહામણા ફૂલ! વિદાય વેળાએ રડે છે શા માટે?'

એણે ઉત્તર વાળ્યો: 'ભાઈ! દેવના મસ્તકે ચઢવાનું સદ્‌ભાગ્ય તો મને ન મળ્યું, પણ કોઇના પગ નીચે કચરાઇ જવાની તક પણ મને ન મળી! કોઇનાય ઉપયોગમાં આવ્યા વિના મારે કરમાઇ જવાની પળ આવી, એટલે મને લાગી આવ્યું અને મારી નાજુક આંખમાં આંસુ આવી ગયાં!'

## વિસંવાદ

આ ચિત્ર જોયું ત્યારે મને આશ્ચર્ય થયેલું: માણસ મોટો હતો અને મન ટૂંકું હતું! જીભ લાંબી હતી ને કામ નાનું હતું! એની પ્રતિષ્ઠા મહાન હતી ને જીવન ક્ષુદ્ર હતું!

# પ્રેમ અને મોહ




સમષ્ટિગત જીવનની સુખની કલ્પનામાંથી જન્મેલા પરમાર્થી સંબંધનું નામ પ્રેમ, અને વ્યક્તિગત જીવનના સુખની કલ્પનામાંથી પ્રગટેલા સ્વાર્થી સંબંધનું નામ મોહ. પ્રેમનાં ઉજ્જ્વળ કિરણો સામા માણસના બિડાઈ ગયેલા હૃદયકમળને પણ વિકસાવે છે, ત્યારે મોહનાં શ્યામ કિરણો માનવીના વિકસેલા હૈયા–ફૂલને પણ સંકુચિત બનાવે છે. આથી જ પ્રેમને પ્રકાશ અને મોહને અંધકાર કહે છે.

## નિર્વીર્યની આઝાદી

શક્તિહીન માનવને મળેલી માત્રા-વાનરને પ્રાપ્ત થયેલી તલવારની જેમ–તેના જ સંહારનું કારણ બને છે, તેમ વીર્યહીન પ્રજાને મળેલી આઝાદી પણ તેના પોતાના જ સંહારનું કારણ બને છે.

# કાતર અને સોય



છે તો બંને ગજવેલનાં જ—
કાતર પણ ગજવેલની અને સોય પણ ગજવેલની—પણ કાતર એકનાં બે કરે છે; જ્યારે સોય બેનાં એક કરે છે. એટલે જ દરજી કાતરને પગ નીચે રાખે છે, અને સોયને માથા ઉપર!

## મૂર્ખનું-ભૂષણ

ઘણા માણસો પોતાને બોલતાં આવડે છે એમ બતાવવા જતાં, પોતાને બોલતાં નથી આવડતું એ સિદ્ધ કરી આપે છે.

## આંસુનો મહિમા

પશ્ચાત્તાપનાં આંસુ પાડ્યા વિના એક પણ સંત ઊર્ધ્વગામી બન્યો હોય તો મને કહેજો.

## શૈશવ



મેં વળી ક્યારે કહ્યું હતું કે પ્રૌઢત્વ મને પ્રિય નથી અને વાર્ધક્ય વેઠવું મને પસંદ નથી ? હું તો કહું છું કે પ્રતાપી પ્રૌઢત્વ પણ આવજો ને શાણું વાર્ધક્ય પણ આવજો; પણ મારું કહેવું તો એટલું જ છે કે મારું શૈશવ ન જશો,-જે મસ્ત શૈશવ ગરીબ ને શ્રીમંતના ભેદને પિછાણતું નથી, ફૂલ જેવા નિર્દોષ હાસ્યને તજતું નથી, બૂરું કરનારને પણ દાઢમાં રાખતું નથી, હૈયાની વાતને માયાના રંગથી રંગતું નથી અને વાત્સલ્યની ભાષા સિવાય બીજી ભાષા જાણતું નથી,-એવું મધુરું શૈશવ, જીવનની છેલ્લી પળે પણ ના જશો! સમ્રાટ્પદ કરતાં શિશુપદની કિંમત મારે મન ઘણી છે.

### પ્રેમનું દર્શન

પ્રેમને ચરણે સર્વસ્વ ધર્યા વિના એ પોતાના ચહેરાનું સૌંદર્યમય દર્શન કોઈને આપતો જ નથી!

# સંયમ કે જડતા ?



**સં**યમ એ તો કલ્પના અને ભાવોર્મિને નવપલ્લવિત રાખનાર નિર્મળ નીર છે. સંયમથી કલ્પનાનાં વૃક્ષો અને ભાવોર્મિની વેલડીઓ જો સુકાઈ જતી હોય તો માનજો કે એ સંયમ નથી, પણ સંયમના આકર્ષક વસ્ત્રોમાં સજ્જ બનેલી જડતા છે.

જ્યાં સંયમના નામે જડતાની પૂજા થાય ત્યાં કુસંપના ભડકા થાય તેમાં નવાઈ શું ?

## પર્ણતાનો પ્રભાવ

**પો**તાંના ક્ષેત્રમાં મનુષ્ય સંપૂર્ણ અને સમર્થ હોય તો તે વિશ્વના ગમે તે સ્થાનમાં સંપૂર્ણ ને સમર્થ બની શકે છે. આપણા મુખ્ય કર્તવ્યમાં સંપૂર્ણતાનું મધુર સંગીત ભરી દઇશું, તો તે ચારે બાજુ ગૂંજી ઊઠશે અને પ્રત્યેક સ્થાનને પોતાની મધુરતાથી છલકાવી દેશે !



# વાદળી

વર્ષાની એક માઝમ રાતે વરસતી વાદળીને મેં પૂછયું: 'કાં અલી? આટલી ગર્જના કેમ કરે છે? કાંઈક ધીરી બનીને વરસને!'

વરસતી વાદળીએ ગંભીર નાદ કરી કહ્યું: 'અમને પીવા છતાં તારામાં અમારો ગુણ ન આવ્યો, એટલે ભલા માનવી! અમારે તને ચેતવવો પડ્યો.. અમે સાગરનાં ખારાંધૂધ પાણી પીને પણ ચોમાસામાં મીઠી જળધારાઓ વરસાવીએ છીએ, ત્યારે તું અમારાં મીઠાંજળ પીનેય કડવી વાણીનાં પાણી ટપકાવે છે, એટલે કહેવા આવી છું કે કડવા ઘૂંટડા હૈયામાં ઉતારી, અમૃતના ઓડકાર મોંથી કાઢજે!'

## પ્રજ્ઞ શત્રુ

શત્રુ ન જ કરવો એ સારું જ છે, પણ અજ્ઞને મિત્ર કરી જીવન બગાડવું એના કરતાં, પ્રજ્ઞને શત્રુ કરી જીવનમાં સાવધાન રહેવું શું ખોટું?

## આણુ



વસ્તુ નાની છે એટલે એની કિંમત તમારે મન કાંઇ જ નથી? પણ એક નજર તો અહીં નાખો! આ નાનકડા આગના તણખાએ આખા ગામને રાખની ઢગલીમાં ફેરવી નાંખ્યું, આ નાનકડા મચ્છરે પેલા મહાકાય કુંજરને ક્ષીણ કરી દીધો; આ નાનકડા છિદ્રે આ મહાનૌકાને સાગરમાં જળસમાધિ લેવરાવીઃ આ નાનકડા બીજે વડ બની આ વજ્ર જેવી દીવાલને પણ ચીરી નાંખી. આ નાનાશા અણુઓના બૉમ્બે જગત આખાને ધ્રુજાવી દીધું. છતાં નાની વસ્તુનું મૂલ્ય તમારે મન કાંઈ જ નથી? તો પછી તમને હવે अणोरणियान् महतो महियान् એવો આત્મા પણ સમજાઇ રહ્યો!

## જગદાધાર

જગત માનપત્ર લેનારાઓ ઉપર નહિ, પણ મૌન ભાવે કર્તવ્યો કરનાર ઉપર ચાલે છે. તેઓનાં મૂક બલિદાનો ઉપર જ જગત ટકી રહ્યું છે.



# માનવતા

**મા**નવતા આ રહી. પેલો પોતાના એકના એક રોટલાના ટુકડામાંથી ભૂખ્યા પડોશીને અર્ધો ભાગ આપી શેષ સંતોષથી ખાઈ રહ્યો છે ને? માનવતા એના હૈયામાં સંતોષથી પોઢી છે.

દાનવતા? એ પણ આ રહી. પેલો બંને હાથમાં બે રોટલા હોવા છતાં પેલા ગરીબના રોટલા ઉપર તરાપ મારવા તીરછી આંખે જોઇ રહ્યો છે ને? દાનવતા એની આંખમાં તાંડવ નૃત્ય કરી રહી છે!

## કારણ વિના કાર્ય!

**મા**ણસને ધર્મથી મળતું સુખ જોઇએ છે, પણ ધર્મ કરવો નથી. અધર્મથી મળતું દુઃખ જોઈતું નથી પણ અધર્મને છોડવો નથી--આ સંયોગોમાં સુખ કેમ મળે અને દુઃખ કેમ ટળે? માણસને કાંટા પાથરીને ગુલાબની લહેજત લેવી છે!

# શીયળહીન



શિયળહીન માનવીને કીડા પડેલા, ખસથી સડેલા, દુર્ગન્ધવાળા કૂતરાની ઉપમા અપાય છે. કૂતરાની પેઠે આવા માણસને પણ કોઈ પોતાના આંગણામાં આવવા દેતું નથી, અને જો અજાણતાં આવી જાય તો એને કોઇ પ્રેમથી પડખામાં બેસાડતું નથી.

### પતનભય

સેવા અને કર્તવ્યોને ઉપર લાવવાની–બહાર લાવવાની ભાવના જ્યારે સેવકના મનમાં જાગે છે, ત્યારે કરેલું કાર્ય બધું સુકાઈ જાય છે, અને એ જ પતનનું પ્રથમ પગથિયું બને છે! જીવનના દરેક કાર્યમાં આપણી કર્તવ્ય-બુદ્ધિ જાગવી જોઈએ. કર્તવ્યની વન-કેડી વટાવવી બહુ મુશ્કેલ છે, એની અંદર અભિમાન-ગર્વનું વાવાઝોડું ચારે તરફ વાતું જ હોય છે; તેની સામે તો કોઈ વિરલ જ ટકી શકે!



# ક્રાંતિ

ક્રાન્તિ થઈ રહી છે, માનવતાનો ધરમૂળથી ફેરફાર થઇ રહ્યો છે. શું જૂના જમાનાની માનવતાને દૂર ફગાવી, ઝડપથી, અતિ ઝડપથી સુધરેલી દાનવતા તરફ ધસવું એનું નામ ક્રાન્તિ? માણસ આજે બાહ્ય દૃષ્ટિએ બે ડગલાં આગળ દેખાય છે, પણ આંતરિક દૃષ્ટિએ તો એ ચાર ડગલાં પાછળ પડી રહ્યો છે, અને તેથી જ એક ઠેકાણે અન્નકૂટ દેખાય છે, ત્યારે બીજી બાજુ અનાથ માનવ અન્ન વિના રિબાઇ રિબાઇને મરી રહ્યો છે.... રે ક્રાન્તિ!

## ત્રાસ ને આનંદ

જીવનના પ્રવાસમાં કેટલાંક મિલન સુદીર્ઘ ગયાં હોય છે, પણ તેને યાદ કરતાં ત્રાસથી હૃદય કમકમી જાય છે; ત્યારે કેટલાંક સાવ ટૂંકાં મિલન થયાં હોય છે જેની મધુર સ્મૃતિ જીવનને આનંદથી ભરી દે છે!

## ભાવના



પ્રાણી માત્રના જીવનમાં ભાવના અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે, એટલા જ માટે ચિન્તકો માણસના સ્થૂલ કાર્યને નથી જોતા, પણ એની પાછળ કામ કરતી સૂક્ષ્મ ભાવનાને અવલોકે છે. કાર્ય એક જ હોય છતાં ભાવના ભિન્ન હોય તો પરિણામ જુદું જ આવે. બિલાડી જે દાંતથી પોતાના બચ્ચાને પકડે છે, એ જ દાંતથી ઉંદરને પણ પકડે છે; પણ એમાં અંતર આકાશ અને પાતાળનું છે. એકમાં રક્ષણની ભાવના છે; બીજામાં ભક્ષણની. એકમાં વહાલ છે, બીજામાં વિનાશ!

## જીવનની મહત્તા

મિત્ર! પ્રેમ જો પવિત્ર હોય તો વૈભવ શું કામનો? જીવન જો અમૂલ્ય હોય તો પૈસો શું કામનો? સંયમ જો શુદ્ધ હોય તો કાયદો શું કામનો? મન જો વિશુદ્ધ હોય તો મઠો શું કામના?



# અંદર શોધ

હે માનવ ! તું બહાર શું શોધે છે ? અંદર આવ. જેને તું પાપાત્મા કહી ધિક્કારે છે, ને જેનાથી તું દૂર ભાગે છે, તે તારા હૃદયમંદિરના વામ ખંડમાં સંતાયેલો છે : અને જેને તું પુણ્યાત્મા કહી પૂજે છે ને જેના સાનિધ્ય માટે તું ઝંખે છે, તે તારા હૃદયમંદિરના જમણા ખંડમાં પોઢે છે. માટે વગાડ વાત્સલ્યનો ઘંટ ! જેને શોધે છે, એ તારી સામે સાક્ષાત્ ખડો થશે.

## ત્યાગી અને ગૃહસ્થ

તજવા માટે ખાવું–આ આદર્શ સાધુનો હોય અને તજીને ખાવું–આ આદર્શ ગૃહસ્થનો હોય; અને આ આદર્શને કેન્દ્રમાં રાખી સાધુ અને ગૃહસ્થ જીવન જીવે તો સંન્યાસાશ્રમ જ્ઞાનની પરબ બને અને ગૃહસ્થાશ્રમ સેવાગૃહ બને. પછી ઉપયોગી અને અનુપયોગીની સાઠમારી સહજ રીતે મટી જાય !

# પ્રતિજ્ઞાભંગ



**મા**નવીની એક પ્રતિજ્ઞા તૂટે છે, ત્યારે હજારો ભાવનાઓ, હજારો જીવનો અને હજારો કલ્પનાઓ ભાંગીને ભૂકો થઈ જાય છે. એક મહાબંધ તૂટે તો કેટલાં ગામ જળબંબાકાર બની જાય છે!

## અતૃપ્ત ભોગેચ્છા

**ભો**ગેચ્છા મનમાં રહી ગઈ હોય અને એ કોઈપણ રીતે પૂર્ણ ન થાય એટલે જગતથી નિરાશ બની સંયમનો પંથ સ્વીકાર કરનાર માનવી, બાહ્ય સંયમના પ્રતાપે સમાજમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે; પણ પેલી કચડાયેલી દબાયેલી ભોગેચ્છા તો વાટ જોઇને જ બેઠી હોય છે. અને આગળ જતાં—અનુકૂલ સંયોગ મળતાં—એ પાંગરે છે, અને તીવ્ર આસક્તિપૂર્વક એ અતૃપ્ત ભોગેચ્છા માનવી પર કાબૂ મેળવે છે. તે વખતે એનો સામનો કરવા અસમર્થ નીવડનાર માનવી પર ભોગેચ્છાનું સામ્રાજ્ય જામી જાય છે! અતૃપ્ત ભોગેચ્છા—એ સમાજમાં પેઠેલા સડાનું આંતરિક કારણ છે!

# દીન નહિ



ઓ મારા ભાગ્ય ! મેં વળી તને ક્યારે કહ્યું હતું કે તું મને દરિદ્ર બનાવીશ નહિ ? હું તો તને ફરી આજ પણ કહું છું કે દરિદ્ર બનાવજે – અતિ દરિદ્ર બનાવજે: પણ મારું કહેવું તો એટલું જ છે કે મને ધર્મવિહોણો અને દીન બનાવીશ નહિ.

## ખબરદાર

માર્ગ હર્યોભર્યો છે, સરળ છે, એમ જાણીને હે પંથી ! પંથ ખેડીશ નહિ. એમ જાણીને પ્રવાસ ખેડનાર પથિક કંટક ને તાપ આવતાં થભી જાય છે; માટે માર્ગ કંટક ને તાપથી છવાયેલો છે, એમ જાણીને હિંમતપૂર્વક પ્રવાસ ખેડીશ, તો હર્યો-ભર્યો માર્ગ આવતાં શાન્તિ ને વિશ્રામ; ઉત્સાહ ને આનંદ મળશે !

# સંયમની પૂજારણ



દેવમાં સંયમની ઊજળી ભાવનાને પ્રતિષ્ઠિત કરીને જ નારી દેવને પૂજે છે. નારીની આરતીમાં અખંડ શિખાએ જલતી જ્યોત એ સંયમનું જ પ્રતીક છે, એટલે નારી ખરી રીતે દેવની આરતી નથી ઉતારતી પણ સંયમની જ આરતી ઉતારે છે. સંયમના ચરણોમાં શ્રદ્ધાથી નમન કરતી નારીને દેવની પૂજારણ કહેવા કરતાં સંયમની પૂજારણ કહેવામાં નારીનું ઔચિત્ય અને ગૌરવ બન્ને જળવાય છે.

## મનની ગતિ

હસ્તાંગુલિથી ચંદ્રલોકને સ્પર્શ કરનાર અને પગની એડીથી સાગરના તળિયાને ખૂંદનાર માનવી કદાચ વિશ્વનાં સર્વ તત્ત્વોને સમજી શકશે, પણ એ નહિ સમજી શકે માત્ર એક પોતાના મનને !



# સંગનો રંગ

ગટરનું અપવિત્ર જળ ગંગાના પ્રવાહમાં ભળે તો એ ગંગાજળ કહેવાય; જ્યારે ગંગાનું પવિત્ર જળ પણ ગટરમાં ભળે તો એ ગટરનું ગંદું પાણી કહેવાય: તેમ દુર્જન, સજ્જનોમાં ભળે તો એ દુર્જન પણ ધીમેધીમે સજ્જનમાં ખપે: અને સજ્જન, દુર્જન સાથે વસે તો એ સજ્જન પણ દુર્જન કહેવાય! સંગના પાણીનો રંગ તો જુઓ!

## અહિંસાનું માહાત્મ્ય

અહિંસા જેવી શક્તિશાળી ચીજ દુનિયામાં કોઈ નથી. આ ત્રણ અક્ષરમાં તે કેવું દૈવત ભર્યું છે કે જગતની સર્વ સુંદર ભાવનાઓ આમાંથી જન્મે! અહિંસા ઉપર આખી દુનિયાનું મંડાણ! પ્રેમ આમાંથી જન્મે, વિશ્વ-વાત્સલ્ય આમાંથી જાગે અને વિશ્વોદ્ધારની ભાવના પણ આમાંથી ઉદ્ભવે! આહ! અહિંસાનું કેવું માહાત્મ્ય!

# શાંતિની પરિમલ



અગરબત્તીનો સંયોગ અગ્નિ સાથે થાય તો જ એમાંથી સુવાસભરેલું વાતાવરણ સર્જાય, તેમ વાણીનો સંયોગ વર્તન સાથે થાય તો જ એમાંથી શાન્તિનો પરિમલ પ્રગટે !

## જીવન-સત્ત્વ

શેરડીને પીલશો તોય એ મીઠા રસનું ઝરણુ વહાવશેઃ ચંદનને ઘસશો તોય એ શીતળ સૌરભની મહેફિલ જમાવશે. ઝાડને પથ્થર મારશો તોય એ મધુર ફળ આપશે. ધૂપને બાળશો તોય એ સુગન્ધના ગોટા ઉછાળશે. સજ્જનને અજ્ઞાનતાથી છેડશો તોય એ કરુણાભીની ક્ષમા આપશે.

અપકારના પ્રસંગે પણ સજ્જનો જીવનસત્ત્વ વિના બીજું આપે પણ શું ?

## જતાં જતાં



જવું જ છે? તો જાઓ. આવ્યા છો તો ખુશીથી જાઓ, ગયા વિના કેમ ચાલે? પણ જતાં જતાં સ્વાર્થની દુર્ગન્ધને બદલે સ્નેહ, સેવા, સદાચાર અને સૌજન્યની સુરભિ મૂકતા જાઓ ને! જેથી અમે પણ એ સુરભિની પુણ્યસ્મૃતિ પર બે સાચાં આંસુ તો પાડી શકીએ!

### અગમ્ય વાત

જેનો ક્રોધ સત્યમાંથી પ્રગટયો હોય, જેનો ગર્વ નમ્રતામાંથી ઉત્પન્ન થયો હોય, જેની માયા ફકીરીમાંથી જન્મી હોય અને જેનો લાભ સંતોષનો પુત્ર હોય એવો માણસ આ ઉજ્જડ સંસારને પણ નન્દનવનમાં ફેરવી શકે છે. આ વાત સમજવી જરા કઠિન છે, વદતોવ્યાઘાત જેવી છે, સામાન્ય માણસને ન પણ સમજાય, પરંતુ જેને સમજાય તે પ્રશ્ન છે.

## વિચાર



કબાટનાં ખાનાંમાં નકામી વસ્તુઓ ઠાંસી ઠાંસીને ભરી રાખી હોય તો પછી એમાં ઉપયોગી ને સુંદર વસ્તુ ગોઠવવા જેટલી જગ્યા રહેતી નથી; અને પરાણે જ્યાં ત્યાં ગોઠવીએ તો એ કચરામાં મૂલ્યવાન વસ્તુ ક્યાંય અટવાઈ જાય, તેમ મગજના ખાનામાં પણ વિકૃત વિચારો ભરવાથી પછી સારા વિચારો માટે સ્થાન રહેતું નથી : અને કદાચ કોઈ સુવિચાર સાંભળવામાં આવે તોય તે આ વિકૃત વિચારોમાં અટવાઈ ગયા વિના રહેતો નથી : એટલે વિચાર-ગ્રહણમાં પણ વિવેક જોઈએ.

## મહાન્

કોઈએ કરેલા ઉપકારની કદર કરે એ સજ્જન છે. અપરિચિત પર ઉપકાર કરે એ અતિ સજ્જન છે; પણ અપકાર કરનાર ઉપર ઉપકાર કરે એ સજ્જન નહિ, અતિ સજ્જન પણ નહિ, પરંતુ તે મહાન છે!

## શ્રદ્ધાનું દ્વાર



સુમતિ ! તેં તારા રંગમહેલની તર્કની બારી તો ખુલ્લી રાખી છે, પણ શ્રદ્ધાનાં દ્વાર તો બિડાયેલાં છે ! તારા નિમંત્રણને માન આપી આત્મદેવ તારા દ્વારે પધાર્યા છે, પણ દ્વાર બંધ છે, એ અંદર કેવી રીતે આવે ? સુમતિ ! ઓ સુમતિ ! જલદી શ્રદ્ધાનું દ્વાર ખોલ, નહિ તો એ મહાત્મા બહારથી પાછા વળે છે !

## આત્માનંદ

મિત્ર ! સર્વ કંઇ તજજે પણ આત્માના આનંદને ન તજતો. આત્માના આનંદ ખાતર સર્વસ્વનો ભોગ આપવાનો પ્રસંગ આવે તો આપજે, પણ આત્માનંદને ટકાવી રાખજે; કારણ કે એ આનંદ જ જિંદગીને અમર બનાવનાર રસાયણ છે. આત્માના આનંદને ખોનાર કદાચ જગતની સર્વ વસ્તુઓ મેળવી લે, તો પણ વાસ્તવિક દૃષ્ટિએ એણે શું મેળવ્યું કહેવાય ? ખુશબો ચાલી જાય, પછી ફૂલની કિંમત પણ શું ?

## પાત્રતા



તારા જીવનમંદિરમાં સાચા દેવ બિરાજે છે કે નહિ, ભાઇ! તે તું મને કહે. ભક્તોને તું શા માટે નિમંત્રે છે? તારા જીવનમંદિરમાં દેવ જો સાચા હશે તો પ્રાર્થનાટાણે ભક્તો ઉભરાયા વિના રહેશે ખરા? ફૂલ પતંગિયાંને આમંત્રણ પાઠવે છે ખરું?

### સાચો વિદ્વાન

વિદ્યા કોઇની ખુશામત ન કરે. ખુશામત કરીને પોતાની વિદ્યાને વેચી નાખે તે સાચો વિદ્વાન જ નહીં!

### પરિપક્વ જ્ઞાન

એકાંતમાં પ્રલોભનકારી વિષયો મળવા છતાં તમારી ઇન્દ્રિયો શાન્ત રહે, એ તરફ પ્રલોભાય નહિ; તો જાણજો કે તમારું જ્ઞાન પરિપક્વ છે.

# વિભૂતિ



**મા**ણસો ત્રણ પ્રકારના હોય છે.

પહેલા પ્રકારનાં માણસને સંયોગો ઘડે છે, અને એ માણસ સંયોગોના પ્રવાહમાં તણાય છે.

બીજા પ્રકારનો માણસ સંયોગોનો સામનો નથી કરી શકતો, તેમ તે સંયોગોના પ્રવાહમાં તણાતો પણ નથી; એટલે તે સંયોગોથી દૂર ભાગે છે અને એકાંતમાં જઈ પોતાની સાધના કરે છે.

ત્રીજા પ્રકારના માણસને સંયોગો નથી ઘડતા, પણ એ સંયોગોને ઘડે છે. અવસરે મક્કમતાપૂર્વક સંયોગોનો સામનો કરીને પણ, એ સંયોગો પર કાબૂ-વિજય મેળવે છે. આવો માનવી જ સંયોગો પર, કાળ ઉપર અને જગત ઉપર પોતાની પ્રતિભાની ચિરસ્થાયી છાપ મારી જાય છે!

## સિદ્ધિનાં નીર

**જી**વનના મેદાનમાં સિદ્ધિનાં નિર્મળ નીર હાથ હાથના સો કૂવા ખોદનારને નથી મળતાં, પણ સો હાથનો એક કૂવો ખોદનારને જ લાધે છે.

## એક પ્રશ્ન



સંયમમાંથી અસંયમમાં જતા હાય રે કમભાગી મન ! તને એક જ પ્રશ્ન પૂછું છું–સંયમમાંથી છૂટી શકીશ, પણ માત્ર એક જ ડગલું આગળ બેઠેલા મૃત્યુના ક્રૂર અને ભયંકર જડબામાંથી તું છૂટી શકીશ ખરું ?

## સ્વર્ગ અને નરક

આપણે સ્વર્ગ ને નરકને આકાશ અને પાતાળમાં માનીએ છીએ, એને બદલે થોડા સમય માટે આપણે આપણા અંતઃકરણમાં જ–આપણા મનમાં જ–સ્વર્ગ અને નરકને કલ્પીએ તો શું ખોટું ? અંતઃકરણમાં સદ્‌વિચાર હોય ત્યારે સમજવું કે આપણે સ્વર્ગમાં છીએ અને અંતઃકરણમાં અસદ્‌વિચાર હોય ત્યારે માનવું કે આપણે નરકમાં છીએ; કારણ કે અંતઃકરણ પર લાગેલો સદ્ કે અસદ્ વિચારોનો પટ જ અંતે માનવીને સ્વર્ગ અને નરકમાં લઇ જાય છે ને !

# સ્નેહહીન હૃદય



પથ્થર આગળ ગમે એટલાં ગીત ગાઓ, એથી એને થાક નહિ લાગે. થાક તો ગાનારને જ લાગવાનો છે. તેવી જ વાત છે સહાનુભૂતિવિહોણા કદરહીન કઠણ હૃદયોની.

## એકાંતનો ભય

હા, હા; હવે હું સમજ્યો, તમે એકાંતથી કેમ ડરો છો તે! કારણ કે એકાંતમાં તમારાં પાપો તમને યાદ આવે છે, અને એ યાદ આવતાં તમે ધ્રૂજી ઊઠો છો, એટલે એ પાપને ભૂલવા તમે કોલાહલમાં ભળો છો અને એનો અવાજ ન સાંભળવા માટે તમે માલ વિનાની વાતોનાં ઢોલ વગાડ્યા કરો છો.

ઠીક છે, આત્માના અવાજને અવરુંધવા, આ માર્ગ પણ તમારા માટે ઠીક છે!

## પ્રસન્ન મન



કેટલાક કહે છે : મયૂરનું નૃત્ય, શરદ પૂનમની ચાંદની રાત, સરિતાનો કિનારો, લીલી વનરાજિ, હિમગિરિનાં ઉન્નત શિખરો, કોયલનો ટહુકો, ખીલતી ઉષાનું સોહામણું પ્રભાત, તાજું વિકસેલું હસતું ગુલાબનું ફૂલ— આ બધાં માનવીને આહ્‌લાદ આપે છે; પણ મારો અનુભવ કહે છે કે આ વાત અર્ધ સત્ય છે. મન જો પ્રસન્ન હોય તો આ બધી સુંદર વસ્તુઓ જેટલો શોક આપે છે, એટલો શોક સંસારની કદરૂપી વસ્તુઓ પણ આપવા અસમર્થ હોય છે!

## મેલ ને પાણી

સજ્જનને દુર્જન સાથે સ્પર્ધા કરવાનું મન થાય તો આટલો વિચાર કરવો :

પાણી અને મેલ વચ્ચે યુદ્ધ થાય તો ખોવાનું કોને? ખોવાનું તો પાણીને જ! મેલને ખોવાનું હોય શું? મેલ થોડો જ ઊજળો થવાનો છે? ઊજળું પાણી ઊલટું મેલું થવાનું!

## દાંભિક શાંતિ



ક્રોધ કરવો એ સારો નથી, પણ ધીમેધીમે ભઠ્ઠીના અંગારાની જેમ બળનાર અને બાળનાર ક્રોધ કરતાં એકદમ ઘાસના અગ્નિની જેમ ભડકો થઈ શાન્ત થનાર ક્રોધ સારો છે. ઝરમર વરસતા વરસાદ કરતાં ધોધમાર વરસી જાય એ સારો છે, એથી આકાશ સ્વચ્છ થઈ જાય અને રસ્તો ચોખ્ખો થઈ જાય; પણ ઝરમર વરસતો મેઘ તો આકાશને કાળું બનાવે અને રસ્તાને કીચડવાળો તેમજ ગંદકી-વાળો બનાવે છે!

## હાનિ કોને ?

સુંદર વસ્તુઓને વિકારી દૃષ્ટિથી નીરખનારા ઓ માનવી! તારા વિકારી નિરીક્ષણથી સુંદર વસ્તુઓ અસુંદર નહિ થાય; પણ તારાં નયનો અને તારું માનસ તો જરૂર અસુંદર થશે! હાનિ સુંદરતા કરતાં, તને પોતાને વિશેષ છે, નિર્મળતાને ખોઈ બેઠેલ નયનો નિર્બળતા સિવાય શું મેળવે છે?


## બેજીવન



પંખીને જેમ બે પાંખ હોય છે તેમ માનવીને પણ બે જીવન હોય છે. પંખી જેમ બે પાંખો વડે અનન્ત આકાશમાં ઊડી શકે છે, તેમ માણસ આ બે જીવન વડે સંસારસાગર તરી જાય છે. માનવીનાં આ બે જીવનમાં એક સૂક્ષ્મજીવન અને બીજું સ્થૂલજીવન. અંતરમાં ઉત્પન્ન થતા વિચારો એ સૂક્ષ્મજીવન અને એ વિચારોનું જે મૂર્તકાર્ય બને છે તે સ્થૂલજીવન! હવે વિચાર-જીવન સડેલું હોય તો કાર્ય-જીવન સારું ક્યાંથી થાય? એટલે જ જીવનદ્રષ્ટાઓ વિચાર-જીવનને ભદ્ર બનાવવા વારંવાર ભલામણ કરે છે.

## પુરુષાર્થ

આત્મા માટે સાધનો છે, સાધનો માટે આત્મા નથી જ. જે સાધનો આત્મવિકાસમાં બંધનકારક હોય તેને હિંમતપૂર્વક ફગાવવાં એનું જ નામ વીર્યવાન પુરુષાર્થ!



# ઊર્ધ્વગામી

કોઈક વાર ફુરસદ મળે તો તમારા સાચા મિત્રને–આત્માને પ્રશ્ન તો પૂછજો કે, મિત્ર! જ્યોત બની ઊર્ધ્વગામી બનવું છે કે અંધકાર બની અધોગામી!

## ભાષા

આજે કેટલાકને બોલતાં પણ નથી આવડતું. શ્રીમન્ત આગળ શ્વાન-વૃત્તિ અને ગરીબ આગળ વરુની વૃત્તિ ધારણ કરી બોલવું, એ માનવની ભાષા નથી. ભાષા સમાન હોવી ઘટે–જે શ્રીમન્ત પાસે તે જ ગરીબ પાસે.

બોલનારે એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે એની ભાષા ક્ષોભવિહોણી અને સ્પષ્ટ હોવી ઘટે, જેમાંથી આત્મ-સ્વાતન્ત્ર્યનો પ્રકાશ વાક્યે વાક્યે ઝળહળ્યા કરે, જે સ્વપ્રતિભામાંથી સર્જાયેલો હોય! આ જ માનવીની ભાષા છે અને સુંદર બોલવાની રીત પણ આ છે.

# વિવેક



**અહીં** ભેગી કરેલી પૌદ્ગલિક વસ્તુઓ પરલોકમાં આવવાની નથી, અને અહીં ભેગાં કરેલાં પાપ પરલોકમાં આવ્યા વિના રહેવાનાં નથી. આ સ્થિતિમાં શું ભેગું કરવું અને શું છોડવું, એનો વિચાર કરવો એનું જ નામ વિવેક !

## ઇચ્છા-શક્તિ

**આ** માન્યતા મૂર્ખાઓની છે : "કોઈ મને પોતાની અસાધારણ વિરાટ શક્તિથી અથવા કોઇ અલૌકિક ચમત્કારથી મુક્તિના દ્વારમાં પ્રવેશ કરાવશે !"

મોક્ષ મેળવવાની ભાવના હોય તો આ વચન હૃદયમાં લખી લેજો : મોક્ષ મેળવવા માટે આત્માની બળવાન ઇચ્છા-શક્તિ પ્રગટયા વિના મોક્ષ અપાવનાર સંસારભરમાં કોઈ સમર્થ છે જ નહિ !



# સહનશીલતા

તમારાં દુઃખો કેટલાં છે, એ હું તમને નહિ પૂછું. હું તો પૂછીશ કે તમારી સહનશીલતા કેટલી છે? એ દુઃખોનો સામનો કરવાની તમારામાં શક્તિ કેટલી છે? કારણ કે સહનશીલતાના સૂર્ય આગળ દુઃખનો અંધકાર દીર્ઘ કાળ ટકી શકતો નથી!

## બ્રહ્મ અને જગત

ब्रह्म सत्यं जगन्मिथ्या–આ ભવ્ય સૂત્રને પૂર્ણ અર્થમાં સમજ્યા વિના કેટલાક માણસોએ આને ખોટું કૂટી માર્યું છે. બ્રહ્મ એટલે ચેતનવાળું વિશ્વ અને જગત એટલે વિકલ્પોથી ઊભરાતું માનવીનું મન! ચેતનવાળું વિશ્વ સત્ય છે અને ક્ષણે ક્ષણે અનેક વિચારોને જન્મ આપતું મન–જગત–એ મિથ્યા છે. એટલે જ તત્ત્વવિદો કહે છે કે અર્થહીન વાતોને જન્મ આપતી મનની સૃષ્ટિને મિથ્યા–ખોટી ગણી, બ્રહ્મ એટલે આત્માના સત્યપંથે ગતિમાન થાઓ.

# મૂળથી જાય



વધેલા નખ જો યથા સમયે ન કાપીએ તો એ બેડોળ લાગે, એમાં મેલ ભરાય અને રોગની અભિવૃદ્ધિ કરે: તેમ વધેલી સંપત્તિ પણ યોગ્ય સમયે ન વપરાય તો માણસને સમાજમાં વિકૃત કરે, મલિનતા આણે ને રોગ-શોકનું કારણ બને. વળી કો'ક વાર જેમ ઠેસ વાગતાં, ન કાપેલો અને ખૂબ વધેલો નખ, આખો ને આખો ઉખડી જાય છે, તેમ સંપત્તિનો સંઘરનાર પણ કો'ક વાર સમૂળગું ધન ખોઈ બેસે છે! સારમાં માત્ર શોક રહે છે.

## ઈર્ષ્યા

બે માણસ એક જ કક્ષાના હોય અને એમાં એક પોતાની યોગ્યતાના કારણે સફળ થાય અને બીજો પોતાની અયોગ્યતાના કારણે કોઈ વિષયમાં નિષ્ફળ જાય, ત્યારે એ પોતાની ભૂલને ન શોધતાં, સામા પર ઈર્ષ્યા કરે તો એ ઈર્ષ્યા જ એની યોગ્યતા અને અણ-આવડતનું પ્રતીક બની જાય છે!

# વિચાર અને કાર્ય




વડના એક સૂક્ષ્મ બીજમાં જેમ એક મહા વડ છુપાયેલો છે, અને એક બીજમાં વળી અનેક બીજ છુપાયેલાં છે, તેમ માણસના એક નાનામાં નાના વિચારમાં પણ એક મહાકાર્ય છુપાયેલું છે : અને એ એક વિચારમાં વળી અનેક વિચાર પોઢેલા છે. આ દૃષ્ટિએ વિચારનું એક આંદોલન એક કાર્યને જન્મ આપે છે અને એક કાર્ય વિશ્વમાં અનેક કાર્યોને જન્માવે છે—તળાવમાં નાખેલી કાંકરી જેમ કૂંડાળાને ઉત્પન્ન કરે છે તેમ !

## અંદર અને બહાર

મન હળવું, સુવાસિત અને વિકસિત હોય ત્યારે બહાર નર્કની યાતના દેખાતી હોય તો પણ અન્તરમાં આનન્દ ઉભરાતો હોય છે : પણ જ્યારે મન ભારે, દુર્ગન્ધવાળું અને સંકુચિત હોય છે, ત્યારે તો બહાર સ્વર્ગનો વૈભવ દેખાવા છતાં હૈયાને નર્કની કારમી યાતના પીડતી હોય છે !

# પ્રેમ અને વાસના



તું મને પ્રેમ અને વાસના વચ્ચેનું અન્તર પૂછે છે તો આટલું નોંધી લે :

પ્રેમ નિઃસ્વાર્થ હોય છે, વાસના સ્વાર્થપૂર્ણ હોય છે.

પ્રેમ નિરપેક્ષ હોય છે, વાસના સાપેક્ષ હોય છે.

પ્રેમને પ્રકાશ ગમે છે, વાસનાને અંધકાર ગમે છે.

પ્રેમને માતાની આંખ હોય છે, વાસનાને ગીધની આંખ હોય છે; પ્રેમ વિશાળતાને આવકારે છે; વાસના સંકુચિતતાને આવકારે છે.


પ્રેમ ગતિ આપે છે, વાસના ગતિ અવરોધે છે.

પ્રેમમાં ત્યાગ હોય છે, વાસનામાં લોલુપતા હોય છે.

## સંતોષી

મહાલયને સુંદર કહેનારને લોભી ન માનતા! ઝૂંપડાંને ભવ્ય કહેનારને સંતોષી ન કલ્પતા! સંતોષી તો તેને કહેજો જે મહાલય અને ઝૂંપડાના ભેદને ભૂલી સંતોષને શ્રેષ્ઠ માને અને અસંતોષને કનિષ્ઠ માને!

# ઉદય અને અસ્ત



હે પ્રકાશના પુંજને વર્ષાવનારા ગગનના લાડકવાયા દિવાકર! તને લોકો પૂજે છે અને વિપ્રો સંધ્યાવંદન કરે છે, એનું કંઈ કારણ જણાવીશ?

ભોળા! ન સમજ્યો? હું જેમ ઉદયાચળ પર નિયમિત રીતે આવું છું, તેવી જ રીતે અસ્તાચળ પર પણ નિયમિત રીતે જ જાઉં છું. વળી ઉદય વખતે જે પ્રકાશ-સ્મિત પાથરું છું તેવું જ પ્રકાશ-સ્મિત અસ્ત સમયે પણ પાથરું છું,–મારે મન ઉદય અને અસ્ત સમાન છે! ઉદય ટાણે મને અસ્તનો ખ્યાલ છે અને અસ્ત ટાણે મને ઉદયની પૂર્ણ શ્રદ્ધા છે.

ઉદયમાં હું ફુલાતો નથી તેમ અસ્તમાં મૂંઝાતો નથી. મારું આ જીવન-રહસ્ય મેળવવા જ પ્રજ્ઞ મને પૂજે છે, અને વિપ્રો મને અર્ઘ્ય આપે છે!

# કોલસો



કોલસાની કાલિમા જોઈ મને હસવું આવ્યું, ત્યારે મારી ધવલતા પર કોલસાને હસવું આવ્યું.

મેં પૂછ્યું : 'તું કેમ હસ્યો ?'

એ કહે : 'ભાઇ ! તું કેમ હસ્યો ?'

મેં કહ્યું : 'સંસારમાં સર્વથી અધિક તારી કાળાશ જોઈને !'

એ કહે : 'મને તારી બાહ્ય ધવલતા જોઈને હસવું આવ્યું ! મેં તો મારી જાતને બાળીને, જગતને પ્રકાશ આપી, મારી જાતને કાળી કરી; પણ તમે માણસોએ તો જગતને કાળું કરી માત્ર તમારી જાતને જ બાહ્ય રીતે ધોળી કરી. અને ભાઈ ! અમે ભલે કાળા હોઈએ, તો પણ દિવ્ય તેજથી ઝળહળતા હીરા આપનાર કોઈ હોય તો તે અમે જ છીએ.

'જાતને બાળી પ્રકાશ આપનાર પર તમને હસવું આવતું હોય, તો અમને પણ તમારી બગલા જેવી, બાહ્ય ધવલતા પર હસવું કેમ ન આવે ?'


# પગદંડી



વાંકી-ચૂંકી પગદંડી પર થઈ એકલો ચાલ્યો જતો હોઉં છું, ત્યારે જીવનની જે અદ્ભુત કલ્પના આવે છે, તે અનિર્વચનીય છે. જીવનના નાનાવિધ પથ પર ચાલ્યા જતા પથિકોમાંથી જાણે હું એકલો જ એ બધાથી વિખૂટો પડી દૂરદૂરના કોઈ પ્રકાશના પ્રદેશમાં ચાલ્યો જતો હોઉં એવો ભાસ થાય છે.

ઉપર વિશાળ, અનન્ત, અખંડ અને શુભ્ર આકાશ અને પગ નીચે પવિત્ર, ગંભીર, નાનાવર્ણી અને વાત્સલ્યપૂર્ણા વસુંધરા—આ બે સિવાય જીવનપંથમાં કોઈ સંગી કે સાથી નથી, એ નક્કર ભાવનાનો આવિષ્કાર આ અરણ્યમાં ચાલી જતી પગદંડી જ કરાવે છે. આધુનિક સાધનોથી બાંધેલી સડકો કદાચ સુંદર હશે; પણ તે ભાવનાને જન્માવવાને સમર્થ છે ખરી? નૈસર્ગિક વસ્તુઓમાંથી પ્રભવતો ભાવ, કૃત્રિમ વસ્તુઓમાંથી જન્મે ખરો?

# અર્પણનો આનંદ



ધરતી ધગધગતી હતી, ચારે તરફ કાંટા પથરાયેલા હતા, જવાનો માર્ગ ક્યાંય ન હતો. મારે પેલે પાર જવું હતું. હું થંભી ગયો—પણ—પણ ત્યાં તો ગુલાબનું એક ફૂલ દેખાયું. એણે હાસ્ય–સૌરભની છોળો ઉછાળી, અને આવીને મારા માર્ગમાં વીખરાઈને પથરાઈ ગયું. નીચે કાંટા અને એની ઉપર ગુલાબની વિખરાયેલી કોમળ અને નાજુક પાંખડીઓ હતી. એના પર પગ મૂકી, હું ચાલ્યો ગયો.

એ પછી રાત જામી. રાત્રે હું શય્યામાં પોઢ્યો હતો ત્યારે, નાજુક પાંખડીઓને લાગેલા ઘાના જખમો મારા હૈયામાં અકથ્ય વ્યથા ઉપજાવી રહ્યા હતા, અને એમને લાગેલો તાપ, મારી કાયાને સળગાવી રહ્યો હતો; જ્યારે ગુલાબની પાંખડીઓ મસ્ત રીતે હસતી હતી, અને માદક શય્યામાં પોઢી ન હોય એવી શીતલતાની મજા માણી રહી હતી!

અમારે જાણે વેદનાનો વિનિમય થયો હતો: કાંટા ફૂલને વાગ્યા, લોહી મને નીકળ્યું. તડકો એના ઉપર વરસ્યો, તાપ મને લાગ્યો! વાહ રે, અર્પણનો અગમ્ય આનંદ!

# શિલ્પી



'એક માનવીએ પોતાના જીવનની સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી એક ભવ્ય સ્વપ્ન સર્જ્યું. એ ભવ્ય સ્વપ્ન સિદ્ધ કરવા એ સ્વપ્નશિલ્પીએ ઊંઘ ખોઈ, આનંદ ખોયો, વિલાસ અને વૈભવો ખોયા—આટલી મહામૂલી વસ્તુઓ ખોયા પછી એ ભવ્ય અને મધુરું સ્વપ્ન સિદ્ધ થયું.....પણ એ ભવ્ય સ્વપ્નં જ્યારે સિદ્ધ થયું ત્યારે ? ....ત્યારે એના જીવન-દીપકનું તેલ ખૂટી ગયું. રે ! એ વિરાટ સ્વપ્ન સિદ્ધ કરનાર મહાશિલ્પી સંસારની ફૂલવાડીમાંથી પોતાની જીવનલીલા સંકેલી ચાલતો થયો! સ્વપ્નસિદ્ધ કરવા જીવન નિચોવનાર કલાધર એ સ્વપ્નસૃષ્ટિનું અપૂર્વ સુખ ન માણી શક્યો, ભાવનાના તરુવરને સર્જનાર જ એનાં સુમધુર ફળો ન આરોગી શક્યો ! કેવો એ અર્પણનો કરુણ છતાં ભવ્ય પ્રસંગ !'

દેવ ! તને આવાં જ દશ્યો જોવાં ગમે છે !

# મારું જીવન રહસ્ય



આનંદ માટે સર્જેલી કલ્પનાની દુનિયાને, હું વાસ્તવિકતામાં લાવવાનો મિથ્યા પ્રયત્ન કદી નથી કરતો, કારણકે કલ્પના મને વાસ્તવિકતા કરતાં વધારે આનંદ અને સ્વચ્છતા અર્પે છે. કલ્પનાને વાસ્તવિક બનાવવા જતાં એનો ઊર્ધ્વગામી આત્મા મરી જાય છે.

તેવી જ રીતે વાસ્તવિકતાને હું કલ્પનાની દુનિયામાં નથી લઇ જતો, કારણ કે એથી વાસ્તવિકતા નક્કર મટી પોલી બની જાય છે. એટલે કલ્પના અને વાસ્તવિકતા–એ બન્ને દુનિયા મારે મન ભિન્ન છે. કલ્પનાને સ્થાને કલ્પના જ હોય અને વાસ્તવિકતાને સ્થાને વાસ્તવિકતા જ હોય.

આં રીતે મારા આત્મપંખીને બે પાંખો છે; એક કલ્પનાની અને બીજી વાસ્તવિકતાની. કલ્પના દ્વારા હું અફાટ આકાશમાં ઊડી શકું છું ને વાસ્તવિકતાદ્વારા પુનિત વસુંધરા પર ચાલી શકું છું. આ જ મારા જીવનનું રહસ્ય છે.

# ખંડિયેર



તું આને માત્ર પડી ગયેલાં મકાન અને નષ્ટ થયેલી હવેલી કહે છે, પણ હું તો આને આપણા પૂર્વજોનો ભવ્ય ઇતિહાસ માનું છું.

આ ખંડિયેરમાં જે વીર-ગાથા છે, આ પથ્થરોમાં જે સૌંદર્ય છુપાયેલું છે, અહીંની ધૂળનાં રજકણમાં જે ખમીર ઝળહળી રહ્યું છે: અહીંની દીવાલોમાં ભૂતકાળનો જે ગૌરવ-ભર્યો ઇતિહાસ લખાયેલો છે, અને અહીંના વાતાવરણમાં જે સર્જન અને વિસર્જનની ભાવના ભરી છે, તે આજે પણ આપણે અનુભવી શકીએ છીએ. હા, તેનું સંવેદન કરવા માટે સહૃદયતાભરી દૃષ્ટિની આવશ્યકતા તો ખરી જ ! જેનો સાત્ત્વિક માનસ-દીપક બુઝાઇ ગયો છે, તેને તો અહીં પણ કેવળ અંધકાર જ નજરે પડશે, અને એ અંધકારમાં કેવળ ભૂતના ઓળા જ દેખાશે !

# આંસુનો ઉપદેશ



જગતના એ પ્રસિદ્ધ પ્રવચનકાર પાસે મેં નીતિનાં અનેક પ્રવચનો સાંભળ્યાં, પણ મારા પર એ ભવ્ય ઉપદેશની અસર જરા પણ ન થઈ.

એ ઉપદેશની અસર મારા પર કેમ ન થઈ? એ માટે મને અતિ દુઃખ થયું ને અતિ વેદનાનાં ઊનાંઊનાં આંસુ ખરવા લાગ્યાં.

પણ ત્યાં તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. ખરતાં આંસુ બોલી ઊઠયાં: "ભોળા! રડે છે શા માટે? રડવાની જરૂર તો તારે કે પેલા પ્રવચનકારને?"

મેં નમ્ર બની પૂછ્યું: "ઓ પાપને ધોનારાં પવિત્ર આંસુઓ! ઉપદેશક શા માટે રડે?"

માર્મિક હાસ્ય કરી આંસુ બોલ્યાં: "કારણ કે અનીતિના સિંહાસન પર બેસી, એ નીતિનો ઉપદેશ આપે છે! લસણનો અર્ક છાંટી, એ ગુલાબના અત્તરની વાત છેડે છે! કલહની આગ પ્રગટાવી હવે એ સંપ ને મૈત્રીની શીતળ હવા માગે છે."

અને પછી તો ખરતું છેલ્લું આંસુ સાચું મોતી બની ગયું.



# મૂંઝવણ

'તારે જો સ્મિત જ કરવું હતું તો મારી સામે જોઈને કેમ કર્યું? અનેકને મૂકી મને સ્મિતમાં કેમ ઝડપ્યો? ઠીક, મને ઝડપ્યો, તો હવે સ્મિતનો અર્થ સમજાવ, મારા દેવ!

તારું સ્મિત અકારણ તો હોય જ નહિ! એટલે શંકા જાય છે કે તારા આ મધુર સ્મિતમાં કોઈ મર્મ કે કટાક્ષ તો નથી ને! બોલને નાથ! જલદી, બોલ. મારું મન તારા આ મર્માળા સ્મિતનો ઉકેલ કર્યા વિના અકળાય છે. તું નથી બોલતો એટલે હું માનું છું કે સ્મિત દ્વારા તું સૂચવે છે કે:

"આ પાગલ, જે સ્વપ્ન છે એને વળગ્યો છે; અને જે નક્કર સત્ય છે એથી દૂર છે!"

જો આ જ અર્થ તારા મર્માળા સ્મિતનો હોય તો એમ જ કહે કે "ઓ નાદાન! સાગરને તરવો હોય તો તણખલાને છોડ અને નાવને પકડ!'

—પણ તું તો કાંઈ બોલતો જ નથી, અને વીતરાગતાની પ્રસન્નતામાં મગ્ન છે! નાથ! આ તો ભારે મૂંઝવણ થઈ!

## તર્ક



**ત**ર્ક! વાહ! ખૂબ કેળવ્યો! આજ આપણે એવા તાર્કિક બન્યા કે જગતની માનવજાત ઉપર તો ઠીક, પણ આપણા આત્મા ઉપર પણ આપણને શ્રદ્ધા રહી નથી! આપણે કેવા મહાન તાર્કિક?

### પાગલ

**એ**ક પાગલે મને કહ્યું :–

"આ જગત કેવું પાગલ છે! હું જે કહું છું તે જગત સાંભળતું પણ નથી, અને હું કરું છું તેમ કરતું પણ નથી. જગત પાગલ છે!"

પાગલનું આ વાક્ય સાંભળ્યું ત્યારે મને લાગ્યું કે જગતનો પ્રત્યેક માનવી પોતાની જાત સિવાય બીજાને પાગલ માનતો હોય છે. તો પછી આ જગતને પાગલ કહેનાર ખરો ડાહ્યો કે પાગલને પાગલ કહેનાર જગત ખરું ડાહ્યું!

# માનસિક સાધના



**મા**નસિક સાધનાને ગૌણ કરી કેવળ ખોરાકની સાથે જ સંયમનો સંબંધ બાંધનારા માણસો, કદાચ સંયમના નામને પામ્યા હશે, પણ રહસ્યને તો નહિ જ. સત્ત્વહીન ફળ, મૂળ ને જળ પર જીવનારા વિશ્વામિત્ર અને પરાશરના પતનનાં દૃષ્ટાંતો આ માટે પૂરતાં છે. વળી સ્નિગ્ધ ખોરાક લેનાર સિંહને બાર મહિને જેવી કામની ભૂખ નથી જાગતી, તેવી ભૂખ તુચ્છ પદાર્થોને ખાતાં પારેવાંઓને દિવસમાં અનેક વાર જાગે છે; એટલે સંયમની સાધનામાં અન્નજળની મર્યાદા જેટલી જ, કદાચ વધારે પણ, મહત્ત્વની વસ્તુ તે માનસિક સાધના છે.

# અન્ન અને લૂણ




દાન, શિયળ, તપ અને ભાવ-એ માનવ જીવનને ઘડનાર અમોઘ સાધન છે: આમાં દાન, શિયળ અને તપને તમે જો અન્નની ઉપમા આપતા હો તો હું ભાવને લૂણની ઉપમા આપીશ. લૂણ વિના અન્ન સ્વાદિષ્ટ બને ખરું? તો પછી ભાવ વિના દાન-શિયળ-તપ મુક્તિદાયક કેમ નીવડે?

## સત્યનો મહિમા

સત્યને પ્રકાશ અને અસત્યને અંધકાર એટલા જ માટે કહેવામાં આવે છે કે સત્યવાદી પ્રમાદથીય અસત્ય બોલી જાય તો પણ લોકો એને સત્ય જ માને; જ્યારે અસત્યવાદી કોઈ પ્રસંગે મહાન સત્ય ઉચ્ચારી જાય તોય લોકો એને અસત્ય જ ગણે.

## હૈયું



ઊર્મિઘડ્યું હૈયું હોત તો એને પ્રેમના વારિથી પલાળી શકાત, પણ આ તો પથ્થરઘડ્યું હૈયું છે, આને પલાળવા જગતમાં કયું વારિ સમર્થ છે?

## કાવ્ય

જીવન એ જ એક મહાકાવ્ય છે. એનું આલેખન અદૃશ્ય અને ગાન મૌન છે. આપણે એને આલેખી તો નથી શકતા, પણ વાંચીયે નથી શકતા, કારણ કે આપણી પાસે સહૃદયતાભરી દૃષ્ટિ નથી. શાંતિ અને આનંદ તો જ મળે—જો સહૃદયતાભરી દૃષ્ટિથી વિશ્વના જીવનનું વાચન થાય!

# વિલાસનો વૈભવ



ગઇ કાલનું ગુલાબી અને ખીલેલું પુષ્પ આજે શ્યામ અને કરમાયેલું દેખાય છે. ગઇ કાલે જે પુષ્પની સુંદરતાનું પાન કરતાં તરસ્યાં નયનો થાકતાં નહોતાં, તે જ પુષ્પને આજે નયનો જોવાની પણ ના પાડે છે! વિલાસનો વૈભવ કેવો અસ્થાયી છે?

## આત્મવંચના

આંખમાં આંસુ અને મુખ પર સ્મિત–હૈયામાં વેદના અને શબ્દોમાં આનંદ--આ રીતે આજે માનવીનું જીવન પસાર થઈ રહ્યું છે. આ તો કુદરતનો મહાન પરાજય છે! કુદરતના મહાન પરાજય જેવો હીન પરાજય બીજો કયો હોઈ શકે? આ તો જાણે ચાંદની અંધકાર વરસાવી રહી છે!



## ખુશામત

માણસને રીઝવવા કરાતી ખુશામત એ મધુર દૂધમાં તેજાબ રેડવા બરાબર છે: એથી માણસ જામતો નથી, પણ ફાટે છે!

### સત્ય

સોનું કોને નથી ગમતું? સૌ એને ચાહે છે, પણ અગ્નિમાં તપેલી સોનાની લાલચોળ લગડીને હાથમાં ઝાલવા કોઇ જ તૈયાર નથી: તેમ સત્ય સૌને ગમે છે, પણ એને કટુતાના પાત્રમાં પીરસશું તો એને કોઇ નહિ ઝીલે. તમારે જો સત્ય પીરસવું હોય તો પ્રિયતાના પાત્રમાં પીરસો, રે! એથી સત્યનો મહિમા ઘટશે નહિ, પણ વધશે.

## મહત્તા



જીવનની મહત્તાને શ્રીમંતના રંગમહેલમાં નહિ, પણ નિર્જન સ્મશાનમાં વેરાયેલી કોઈ અનામી આત્માની રાખની ઢગલીમાં શોધજો.

## જીવનનો જાણનારો

જીવન અંગે કંઈ પણ ન જાણવા છતાં 'સર્વ કંઇ જાણું છું' એમ માનનારા જીવનના અજાણ ઘણા છે, પણ જીવન અંગે ઘણું ઘણું જાણવા છતાં જાણે કંઈ જ ન જાણતા હોય એમ જીવનારા–જીવનના જાણકાર તો સાવ વિરલ છે.



## સંયોગ

એંજિન જેમ અગ્નિ અને જળના સંયોગથી આગળ ગતિ કરે છે, તેમ આત્મા પણ તપના અગ્નિ અને શાંતિના જળના સંયોગથી સાધ્યે પહોંચે છે.

## વાચાની મર્યાદા

મિત્રો! બોલતાં આવડે તો જરૂર બોલજો. તમારી પાસે જગતને આપવા માટે નૂતન સંદેશ છે, એમ તમારા આત્માને લાગે તો ન બોલતા હો તો પણ બોલજો. પણ તમારા બોલવાથી માત્ર જગતમાં શત્રુઓ જ ઊભા થવાના હોય, તો બોલતા હો તો પણ ન બોલશો. આમ મૂંગા રહેવાથી કદાચ તમારા હાથે માનવજાતનું હિત નહિ થાય, તો પણ અહિત તો નહિ જ થાય.

# અર્પણ



દેવ! હું નિર્ધન છું. વિશ્વના માનવો કાજે મન્દિર બંધાવી શકું એવી મારી શક્તિ નથી, એટલું દ્રવ્ય મારી પાસે નથી, તો મારા અકિંચનના હૈયાને જ મન્દિરમાં ફેરવી નાખું, તો આપ એમાં નહિ પધારો?

કરુણાસાગર! આ પ્રદેશમાં પવિત્ર જળ તો ક્યાંય છે નહિ, અને જે છે તે તો લોકૈષણાના વેગથી ડહોળું થઈ ગયેલું છે, તો ધ્યાનના સરોવરમાં સ્નાન કરીને આપના નિકટમાં આવું, તો હું નિર્મળ નહિ ગણાઉં?

આનન્દસાગર! કુસુમ તો ઉપવનમાં મળે, હું તો આજે રણમાં વસું છું. કુસુમવિહોણા આ પ્રદેશમાં હું ખાલી હાથે ભાવનાનું કુસુમ લઈને આવું, તો મારી પુષ્પપૂજાને આપ માન્ય નહિ કરો?

અશરણના શરણ ! નૈવેદ્ય અકિંચન પાસે ક્યાંથી હોય ? મારા તુચ્છ એવા જીવનના સત્ત્વરૂપી નૈવેદ્યને આપના પુનિત ચરણકમલોમાં ધરું, તો દયાદષ્ટિથી એને નહિ નિહાળો ?

દયાસિન્ધો ! મણકો જ નથી ત્યાં માળા કેમ સંભવે ? હા ! આજ તો મનની જ માળા બનાવી, શ્વાસોશ્વાસના મણકા પર આપના પવિત્ર જાપ કરી લઉં છું. આપ એ માળાવિહોણા જાપનું મધુર સ્મિતથી સ્વાગત નહિ કરો ?

નાથ ! માનવજીવનની દર્દકથાએ મારા ગીતને વિષાદ-ગીત બનાવી મૂકયું છે, તો આંસુથી ધોવાયેલા એ વિષાદ-ગીતને આપ મંગળ-ગીત તરીકે નહિ સ્વીકારો ?

બોલો, મારા નાથ ! બોલો. આપ તો કૃપાળુ કહેવાયા છો, અનાથોના નાથ કહેવાયા છો, તો આ અનાથના નાથ નહિ બનો ?

# મૃત્યુ



મૃત્યુ! પ્યારા મૃત્યુ! તારી ભવ્યતા તો ભવ્ય કરતાં પણ ભવ્ય છે! જે વાચાથી પર છે ને આત્માથી અભિન્ન છે!

તું ક્ષુદ્ર માનવીને ભવ્ય બનાવે છે, ને ભવ્ય માનવીને ક્ષુદ્ર પણ બનાવી મૂકે છે! આ તારી કેવી ભવ્યતા!

તારાથી જે ભડકે છે તે ભવ્ય માનવ હોય તો પણ ક્ષુદ્ર માનવ બની જાય છે; અને તને જે પ્રકાશની જેમ હસતે મુખે ભેટે છે તે ક્ષુદ્ર માનવ હોય તો પણ મહામાનવ બની જાય છે.

પ્યારા મૃત્યુ! હું તારા પ્રેમભર્યા મિલનની વાટ જોતો એટલાં માટે જ વિચરું છું કે, હવે તારા મિલન પછી બીજાં ઘણાં મિલન થવાનાં નથી. આ અને કદાચ આ પછીનું—એક

અધિક-મિલન મને અમર બનાવનારું છે, જ્યોતિના પુંજને પમાડનારું છે, અનંત આનંદના સાગરમાં નિમજ્જન કરાવનારું છે!

વૈભવથી છલકાતા મહાલયમાં વસતા કોઈ માનવીને, તારું નામ કદાચ હાડ ધ્રૂજાવે એવી કંપારી પણ છોડાવે; કારણ કે એને મહાલયમાંથી ઝૂંપડીમાં જવાનું છે, પ્રકાશમાંથી અંધકારમાં જવાનું છે; પણ મારે ? મારે તેમ નથી.

મારે તો ઝૂંપડીમાંથી નીકળીને અનંત પ્રકાશથી ઝળહળતી સિદ્ધશિલા પર જવાનું છે. અંધકારમાંથી પ્રકાશમાં ને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જવાનું છે! માટે જ તો તારાં આગમનનાં પગલાં મારા મનોમંદિરમાં સંભળાય છે, ત્યારે મારામાં યુવાનીનો કોઈ અદમ્ય જુસ્સો આવી જાય છે!

વહાલા મૃત્યુ! તું તો મારી નૌકા છે. સામે કિનારે બેઠેલા મારા મિત્રોને મારે મળવું છે. તારા વિના મને ત્યાં કોણ લઈ જાય?

પાવાપુરીમાં તું જ ભગવાન વર્ધમાનને ભેટયું હતું ખરું ને! એ મહામાનવને ભેટીને તેં જ એમને અમર બનાવ્યા હતા ખરું ને?

પ્યારા! બોલ તો જરા, એ જ રીતે તું મને ક્યારે અને ક્યાં ભેટીશ?

એ મધુર સુપળ કેટલી સુખદ હશે!

# અમરતાનું ગાન



મિત્રો ! મારે તમને એક વાત કહેવી છે :

હું જાઉં છું—મારા મિત્રોનું મને આમંત્રણ આવ્યું છે, એટલે હું ઉતાવળથી જાઉં છું.

મારા જૂના સાથીઓનું જ્યોતિના સ્મિતમાં સંકેત કરતું નિમંત્રણ વાંચ્યા પછી અહીં એક ક્ષણ પણ વિલંબ કરવા મારું ઉત્સુક હૈયું ના પાડે છે–તો મારે ગયા વિના છૂટકો નથી–હૃદયને મૂકીને હું અહીં કેમ રહી શકું ?

—તો મારા મિત્રો ! મારા ગમન-કાળે મંજુલ ગીત-ધ્વનિ કરજો, હર્ષથી નાચજો, પ્રેમનું જળ સિંચજો, મધુર કંઠે અમરતાનું ગાન લલકારજો, અને આનન્દની શરણાઈ બજાવજો.

સમડી જેમ અનંત આકાશમાં પરિભ્રમણ કરી, નમતી સાંજે માળામાં રહેલાં પોતાનાં બચ્ચાંઓને ભેટવા જાય, તેમ હું પણ મારા પ્રિયતમ સાથીઓને મળવા સંચરું છું!

મારું ગમન ઉત્સૂકતાભર્યું છે. મારો આત્મા પુણ્યકાર્યોથી પૂત થયેલો છે. મારો માર્ગ મંગલમય છે. લોકોએ પોતાની અજ્ઞાનતાથી એ માર્ગને ભલે અમંગળ કલ્પ્યો હોય, પણ વાસ્તવિક રીતે એ અમંગળ નથી, એ તો છે પૂર્ણ મંગળમય!

આ માર્ગે, આગમના ભોમિયા સાથે, અલ્પ પ્રવાસ તો મેં ખેડયો છે, અને બાકી રહેલો પ્રવાસ આ છેલ્લી વાર ખેડી રહ્યો છું, એટલે જ હું તમને પૂર્ણ શ્રદ્ધાપૂર્વક કહું છું કે મારા ગમન-કાળે, મંગળ સ્વરે મંજુલ-ગીત ગાજો; કારણ કે એ મંગળમય છે ને મંગળમય પુરુષોએ આ માર્ગે પ્રયાણ કર્યું છે.

ઓ મારા અનંતના પ્રવાસી મિત્રો! એવું અમરતાનું ભવ્ય ગીત ગાજો કે દુનિયા એ ભવ્ય–અતિ ભવ્ય–ગીતને સાંભળી, મરણના ભયને સાવ ભૂલી જાય અને મરણના વાઘામાં છુપાઈને બેઠેલ અમરતાને પિછાની મૃત્યુના મહોત્વને કોઈ અનેરા ઉત્સાહથી ઊજવે!

# વિરામ



ઓ મારા સ્વામિન્! હું તારી પાસે કાંઈ નથી માગતો, મારે કાંઈ નથી જોઈતું; તારા દરબારનાં દૃશ્યો જોયા પછી મને હવે કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી!

તારી પાસે જે કાંઈ સર્વશ્રેષ્ઠ હોય તે તું જગતને વહેંચી આપ–અરે! મારા ભાગનું જે કાંઈ હોય તે પણ સૌને વહેંચી આપ, મારે કાંઈ નથી જોઈતું! હું તારી પાસે કાંઈ માગું ના!

હું તો માત્ર આટલું જ કહેવા આવ્યો છું: મને તારા દરબારમાં મારું એક કાવ્ય લલકારવા દે!

એ કાવ્ય હું સંગીતમાં ત્યારે જ ઉતારીશ, જ્યારે તારી

પાસે, ગાઇને માગનાર, કોઈ નહિ હોય. મારે તને કાવ્ય સંભળાવવું છે, પણ સાટામાં તારી પાસેથી કાંઈ લેવું નથી.

ગાઇને માંગનારા ગયા પછી જ મારું કાવ્ય હું છેડીશ; ત્યાં સુધી મારે પ્રતીક્ષા કરવી પડશે; તો પણ કરીશ–પણ દેવ! આ કાવ્ય સંભળાવ્યા વિના તો નહિ જ જાઉં:

કારણ કે આ કાવ્ય મારી પાવન ભાવોર્મિઓથી સર્જાયેલું છે અને મારા હૈયાનાં પવિત્ર આંસુઓથી આલેખાયેલું છે, એટલે જ તો આ કાવ્ય સંભળાવવા માટે હું તારી પાછળ પાગલ થઇને ફરું છું?

કેમ? નાથ! મારું આ કાવ્ય સાંભળીશ ને?

—પણ દેવ! આ ભાવોન્માદથી વ્યક્ત થયેલી વાણીને યાચના ન કહીશ; કારણ કે યાચનાનું બીજું નામ મૃત્યુ છે!

# અંધકાર



અંધકાર, પ્રિય અંધકાર! જગતને ભલે તારો અણગમો હોય, કવિઓ ભલે તારા દુર્ગુણ ગાતા હોય અને જગતના પ્રવાસીઓ ભલે તારાથી દૂરદૂર ભાગતા હોય; પણ હું તો તને હૈયાથી, પ્રેમથી ચાહું છું!

તારા વિના મને, મારા ઇશનું સ્મરણ કોણ કરાવે?

પ્રકાશમાં, અનેક વિરાટ વસ્તુઓનાં અવલોકન અને નિરીક્ષણથી મારો વિભુ મને સાવ નાનો લાગે છે—અરે, કેટલીક વાર તો જગતના તખ્તા પરથી સંપૂર્ણ લુપ્ત થતો દેખાય છે!

પણ અંધકારમાં તેમ નથી. અંધકારમાં તો વિશ્વની સર્વ વિરાટ વસ્તુ વિલીન થઇ જાય છે—બહાર અંધકાર હોય

ને અન્તરમાં પ્રકાશ હોય–ત્યારે તો માત્ર મારો વિભુ જ વિરાટ રૂપે દેખાતો હોય છે. એ અંધકારમાં અનોખા આકારને ધારણ કરી, પ્રેમના મૂર્તસ્વરૂપે નયન સન્મુખ ખડો થાય છે!

મારા એ નાવલિયાને જોઇ, હું આનન્દથી નાચી ઊઠું છું, ને હર્ષભેર ભેટવા જાઉં છું ત્યારે એ અમૌખિક મૌન વાણીમાં કહે છે:

"ઊભો રહે, ભેટવાને જરા વાર છે. તારી ને મારી વચ્ચે પડદો છે. સબળ પુરુષાર્થ કરી, કર્મના એ પડદાને ચીરી નાંખ. અને પછી તો, તું તે હું છું ને હું તે તું છો–જ્યોતિ શું જ્યોતિ મિલી."

મારા પ્રભુ સાથે આવો મધુર વાર્તાલાપ કરાવનાર અંધકાર! હું તને કેમ ભૂલી શકું?

ઓ મારા પ્રિય અંધકાર! આવા સમયે તો તું પ્રકાશ કરતાં પણ મહામૂલો છે!

જગત ભલે તારુ મૂલ્યાંકન ન કરે; પણ મૂલ્ય કરવાથી જ વસ્તુ મૂલ્યવાન થાય છે, એમ કોણે કહ્યું? એમ તો મલયાચલ પર વસતા ચન્દન-વનોનું પણ મૂલ્યાંકન કોણ કરે છે?

મૂલ્યાંકન ન કરવા માત્રથી એની સરસતાને કોઈ નીરસતામાં ફેરવવા સમર્થ છે ખરું?

# કાર્ય-કારણ



એ મહાવનમાં થઇ હું ચાલ્યો જતો હતો, ત્યાં મારી નજર એક મહાસભા પર પડી. વનમાં સભા કોની હોય? વૃક્ષનાં મૂળિયાંની મહાસભા ભરાઈ હતી, અને એ સભામાં અટ્ટહાસ્ય અને કટાક્ષ-હાસ્યની મહેફિલ જામી હતી.

હસતાં મૂળિયાંઓને મેં પૂછ્યું : "ઓ ભલાં મૂળિયાં! આજ કાં તમેય વ્યંગ-હાસ્ય અને કટાક્ષ-હાસ્ય કરો છો ? તમારે વળી હાસ્ય હોય ખરું?"

મારા આ પ્રશ્નથી સભામાં સ્તબ્ધતા છવાઈ ગઈ. એક અતિ વૃદ્ધ મૂળિયું બોલી ઊઠયું : "ભાઈ! આજે અમે માનવ-જાતની અણઆવડત અને અજ્ઞાનતા પર હસીએ છીએ. તમે રોજ હસો તો અમે કો'કવાર તો હસીએ ને? જો, અમે

જમીનમાં દટાયાં, ધૂળમાં રોળાયાં, અંધકારમાં પૂરાયાં અને વૃક્ષને ખુલ્લી હવા અને પ્રકાશમાં મોકલ્યું. જ્યારે એ વૃક્ષ પર ફળો આવે છે, ત્યારે ડાહી કહેવાતી માનવજાત એ વૃક્ષ અને ફળોને વખાણે છે અને ધન્યવાદ આપે છે: પણ એના ઉત્પાદકને તો સાવ જ ભૂલી જાય છે. અરે! અમને તો સદા અનામી જ રાખે છે ને યાદ પણ કોઇ કરતું નથી.

"એટલે, અમને આજે બધાંને હસવું આવ્યું કે-જુઓ તો ખરા, આ ડાહ્યા માણસોની ગાંડી બુદ્ધિ!-જે કાર્યને જુએ છે પણ કારણને તો સંભારતી પણ નથી ને સમજતી પણ નથી!"

એમની આ વાત સાંભળી, મને ગામડિયા મા-બાપના શહેરી છોકરા યાદ આવ્યા! જે વડવાઓનાં દર્દભર્યાં આંસુ અને શ્રમના પ્રસ્વેદમાંથી આનંદનો અર્ક ખેંચી રહ્યા છે!

# સરિતાનાં નીર



શુકલતીર્થના તટ પર સૂર્યે, પોતાનાં કોમળ કિરણો ચારે તરફ પાથરવાની શરૂઆત કરી હતી. કિનારો માણસો વિના નિર્જન હતો. એટલામાં હું ત્યાં જઇ ચડયો. નર્મદાનાં નીર ત્વરિત ગતિએ ચાલ્યાં જતાં હતાં. મને થયું કે—કાંઇક ઉતાવળનું કામ હશે એટલે એ ઝડપથી ચાલ્યાં જાય છે, પણ જતાં જતાં એ પોતાના હૈયાની એક ગુપ્ત વાત કહેતાં ગયાં. આકાશના તારા જેવું નિર્મળ સ્મિત કરી એ બોલ્યાં:

"માનવી! તું પ્રમાદી છો, અમે ઉદ્યમી છીએ.

"તું અનેક દેવમાં આસક્ત છો, અમે એક માત્ર સાગરમાં જ આસક્ત છીએ.

" તારું ધ્યેય અનિશ્ચિત છે, અમારું ધ્યેય નિશ્ચિત છે.

" તું વ્યક્તિમાં રાચે છે, અમે સમષ્ટિમાં રાચીએ છીએ.

" તું બીજાના નાના દોષને મોટા કરે છે, અમે બીજાના મોટા દોષને પણ ધોઈને સ્વચ્છ કરીએ છીએ.

" તારા સમાગમમાં આવનાર ઉજ્જવળ પણ મલિન બને છે, અમારા સમાગમમાં આવનાર મલિન પણ ઉજ્જવળ બને છે!

જા, જા; સ્વાર્થી માનવ! જા. તારા ને અમારા આચાર, વિચાર કે ઉચ્ચારમાં મેળ ખાય તેમ નથી. એટલે જ તારા સંસર્ગથી દૂર જવા, અમે ઝડપભેર સાગર ભણી જઇ રહ્યાં છીએ!"

# સૌંદર્ય દર્શન



**ઓ** સૌંદર્યના પિપાસુ !

સૌંદર્યને તું કેવી રીતે પીશ ?–જો તારા પોતાનામાં જ તે નહિ હોય તો ?

જે પોતામાં નથી, તે અન્યમાં જુવે છે ખરો ? અને કોઈ કહે કે, હું જોઉં છું, તો તે સત્ય દર્શન છે ખરું ?

એમ તો આંધળો પણ અંધકારને જુવે છે; પણ અંધકાર એ શું સત્ય દર્શન છે ? દર્શનને યોગ્ય છે–વિષયોની જેમ !

તો પછી તું તારી દૃષ્ટિને જ સૌંદર્યમય કાં ન બનાવે ? તારી નજર સૌંદર્યમય બનશે તો પછી આખું વિશ્વ તને માત્ર સૌંદર્યનું ધામ જ દેખાશે. સૌંદર્ય, સૌંદર્ય અને સૌંદર્ય !

ઓ સૌંદર્યને પીવા તલસતા તૃષાતુર !

તું સૌંદર્યનું પાન ક્યાં ક્યાં કરીશ અને ક્યાં ક્યાં નહિ કરે ?

એવું એક સ્થાન તો બતાવ કે જ્યાં સૌંદર્ય ન હોય ?

ક્યાંક રૂપનું છે તો ક્યાંક ઋદ્ધિનું છે,
ક્યાંક ભવ્યતાનું છે તો ક્યાંક ભાવનાનું છે;
ક્યાંક પ્રેમનું છે તો ક્યાંક પવિત્રતાનું છે;
ક્યાંક બળનું છે તો ક્યાંક બુદ્ધિનું છે;
ક્યાંક કલાનું છે તો ક્યાંક કલ્પનાનું છે,
ક્યાંક શિલ્પીનું છે તો ક્યાંક કાવ્યનું છે.

ડગલે અને પગલે, આવા અનંત સૌંદર્યથી છલકાતા વિશ્વમાં, સૌંદર્યને મર્યાદિત સ્થાને જ શોધવા જવું એનો અર્થ સૌંદર્ય-દૃષ્ટિની અજ્ઞાનતા સૂચવે છે !

# માનવતાની ભવાઈ



સાંજનો સમય હતો: સાતેક વાગ્યા હતા. ઉપાશ્રયની ગેલેરીમાં, હું ઊભો ઊભો મનોહર સંધ્યાનું દર્શન કરતો હતો. આકાશમાં કુદરતી લીલા કોઈ અલૌકિક રીતે જામી હતી, રંગ તો આકાશમાં છૂટે હાથે વેરવામાં આવ્યો હતો: કુદરતના ભંડારમાં રંગની ક્યાં ખોટ છે ? સંધ્યાની એ ભવ્ય રંગલીલા જોઈ, મારું હૈયું નાચી ઊઠયું.

એ જ સમયે મારી નજર એક દશ્ય પર પડી. કદી ન ભુલાય એવું એ દશ્ય હતું-સહૃદયી માનવીના આનંદને ચૂસી લે એવું એ દશ્ય હતું. એ દશ્યમાં માનવતાની ભવાઈ હતી, એમાં વિધિનું ક્રૂર અટ્ટહાસ્ય હતું !

એક બાળાએ, એઠવાડ કાઢી, વધેલા રોટલાના ચાર ટુકડા ઓટલા પર ફેંક્યા. એ જોઈ, ભૂખ્યાં કૂતરાં એ ટુકડાઓ

પર ત્રાટકી પડયાં. તે જ ક્ષણે એક કાળભૂખ્યો માનવી ધસી આવ્યો. એના પેટમાં ભૂખના ભડકા થઇ રહ્યા હતા. ભૂખનો માર્યો એ ગીધડાની જેમ ભમી રહ્યો હતો. એણે કૂતરાંઓને ટુકડા ખાતાં જોયાં અને એ એકદમ સમળીની જેમ ત્યાં પહોંચી ગયો. પોતાની ફાટેલી ટોપીવતી એક ઝપટ મારી, બે ટુકડા એણે પડાવી લીધા. એ ટુકડા કૂતરાના એંઠા હતા, અર્ધા ચવાઈ ગયેલા હતા. કૂતરાં, એના પર ધસે એ પહેલાં તો એણે એ ટુકડા મોંમાં મૂકી દીધા, અને જાણે નૂતન જીવન ન મળ્યું હોય તેમ મલકાતો એ ચાલતો થયો! એ આગળ ચાલતો હતો, એની પાછળ શેરીનાં કૂતરાં હતાં........ભસ, ભસને ભસ.

કૂતરાં ખૂબ ભસતાં હતાં, તેમ તે કાળભૂખ્યો માનવી ખૂબ હસતો હતો!

કૂતરાં, માનવીની આ ભવાઈ જોઈ હસતાં હતાં, એની ક્રૂર અવહેલના જોઈ ભસતાં હતાં.

ભૂખ્યો માનવી માનવજાતની આ અનાથ નિર્ધનતા જોઇ હસતો હતો. એ કહેતો હતો:

'ઓ હીનકર્મી માનવ! તારે માટે આજે સંસારમાં ક્યાંયે સ્થાન નથી. પશુઓ માટે પાંજરાપોળ, પણ તારે માટે તો તે પણ નથી.'

ભસવામાં હસવું ને હસવામાં ભસવું તે આનું નામ!

# વડલો ને વિચાર



**આ**મ જો, જમણી બાજુ નહિ પણ ડાબી બાજુ. ગઈ કાલે અહીં સામે પેલો વડલો કેવો શોભતો હતો! એની કેવી મધુરી ઘટાદાર છાયા હતી! ત્યાં કેટલાં પંખીઓ કિલ્લોલ કરતાં હતાં! આપણે પણ ઘણીવાર ત્યાં જઈ ને વિશ્રાંતિ લેતા હતા ખરું ને?

પણ આજ?

આજ તો ત્યાં પેલો વડલો પણ નથી, પેલી મીઠી છાયા પણ નથી: અને ત્યાં આનંદથી નૃત્ય કરતાં પંખી પણ નથી!

આજે એક વાવાઝોડું વાયું ને એ મહાવડલો મૂળમાંથી ઊખડી ગયો!

શું ગઈ કાલે આપણે કે કોઈએ પણ એવી કલ્પના કરી હતી કે, આવતી કાલે આ મહાવૃક્ષ મૂળમાંથી ઊખડી જશે અને પાંથને અને પક્ષીઓને આનંદ આપતો આ વડ, સદાને માટે ભૂતકાળની બીના બની જશે?

મારા મિત્ર! આ પ્રસંગ તું તારા ધ્યાનમાં લે. જરા વિચાર કર. આજનું સુખ જોઈ, તું મનમાં મલકાય છે,

તારો વૈભવ જોઈ, તું પ્રસન્ન બને છે, હર્ષથી નાચે છે, આનંદમાં રાચે છે; પણ મારાભાઈ! જરા વિચાર કરવા ઊભો રહે. આ સુખ સદા રહેવાનું છે? આ વૈભવ નિત્ય ટકવાનો છે? આ સાધનો તને શાશ્વત શાંતિ આપવાનાં છે?

અરે, કેમ ભૂલી જાય છે તું? ઘણી વાર તો સુખના એક જ ડગલા પછી, ભયંકર દુઃખ વાટ જોઈને જ ઊભું હોય છે! માત્ર એક જ પળ પછી એ અણધારી રીતે ભેટી પડે છે, અને એનો ભેટો થતાં, તારાં આ સાધનો ક્યાં ચાલ્યાં જશે એની તને ખબર પણ નહિ પડે.

સુખનાં સ્વપ્નો સળગી જશે, અરમાનોની સૃષ્ટિ નષ્ટ થશે, દુખના પર્વતો તૂટી પડશે, આનંદની દુનિયા ઊડી જશે, આશાના મિનારા ઓગળી જશે અને વિપત્તિની રાત્રી, તારી ચારે તરફ છવાઈ જશે; ત્યારે તારી નજર ક્યાંય નહિ પહોંચે, અંધકારને લીધે તું એક પગલું પણ નહિ ભરી શકે, તારી સાથે ગેલ કરનારા મિત્રો અદૃશ્ય થશે, વાતો કરનારા ખસી જશે—માત્ર દુઃખ, તારા ન ઈચ્છવા છતાં, તારું સાથીદાર બની જશે; માટે આ ઢળી પડેલા વડલા પર એક પળ શાન્ત નજર નાખ. વૈભવના ઘેનને ઉતારી, સ્વસ્થ થઈ વિચાર કર.

તું જે દોરી પર નાચી રહ્યો છે, તે દોરી કાચા સૂતરની છે. એને તૂટતાં વાર નહિ લાગે, અને દોરી તૂટશે એટલે તને જોઈ ખુશ થનારા—તાળીઓ વગાડનારા મંદ સ્મિત કરી ચાલતા થશે કહેશે, કેવો મૂર્ખ છે! આટલા શબ્દો બોલી ખસી જશે, પણ તારું શું થશે તેની કલ્પના મને ધ્રુજાવે છે. ઓ અનંતના પ્રવાસી! આ પડેલા વૃક્ષને જોઈ **જીવનનો જરા વિચાર કર!**

# મૃત્યુની ગાડી



મિત્રો!

મૃત્યુની ગાડી આવી રહી છે.

સિગ્નલ અપાઈ ગયું છે. ઘંટ વાગી ગયો છે.

ધરતીમાં એના આગમનના ધબકારા વાગી રહ્યા છે!

એ વેગથી–અતિવેગથી આવી રહી છે એમ જણાય છે. પળ બે પળમાં એ આવશે અને ઊપડી પણ જશે. આપણા લાખ લાખ પ્રયત્ને પણ એ વધારે વાર થંભવાની નથી. એનો નિયત સમય પૂરો થશે અને એ ચાલવા માંડશે.

આપણે પણ આ જ ગાડીમાં જવાનું છે, આ વાત તમે નાસ્તાની લહેજતમાં ભૂલી તો નથી ગયા ને? આ ગાડીમાં જ જવું પડશે. ગયા વિના છૂટકો નથી. કુદરતના એ માનભર્યા

નિમંત્રણને આપણે કેમ કરી નકારી શકીશું? જો જવું જ છે તો આપણે સજ્જ થઈને રહીએ.

તૈયારીવાળાઓને હું આ વાત નથી કહેતો. તૈયારીવાળાને તો આકૂલ–વ્યાકૂલ થવાની જરાય જરૂર નથી. એના માટે તો આ મુસાફરી આનન્દપ્રદ અને આરામભરેલી છે, પણ હું તો મારા આ બીજા મિત્રોને જાગૃત કરું છું, કે જેઓ પોતાનો સામાન આ મુસાફરખાનામાં અસ્તવ્યસ્ત કરીને બેઠા છે.

મિત્રો! થોડો સમય આરામ લેવા–વિસામો લેવા–આવ્યા એટલામાં આટલો બધો આ પથારો શો? અને વળી આ મુસાફરો સાથેનો કલહ શો? આ સ્થાન મારું અને આ સ્થાન તારું, તારી પાસે સાવ ઓછો સામાન અને મારી પાસે આટલો બધો સામાન–આ બધો ગર્વ શો ?

અરે, ભાઈ! જેમ બોજ ઓછો હશે તેમ મુસાફરી સુગમ થશે. વધારે ભારવાળાને વધારે ચિંતા ને ઓછાવાળાને ઓછી, માટે મુસાફરખાનાના મુસાફરો સાથે નકામો કલેશ કરવો છોડી દો!

જગ્યા અને હક્ક માટે ગમે એટલો કલહ કરશો તોય હમણાં થોડા જ સમયમાં તમારે મુસાફરખાનું છોડવું પડશે, અને અહીંથી છૂટા પડ્યા પછી કયું સ્થાન કોની સાથે આવવાનું હતું?


તો પછી મૈત્રીભર્યો સંબંધ બાંધીને છૂટા કાં ન પડીએ કે જેથી કોઈક વાર ઓચિંતા ક્યાંક ભેટી પડીએ તો એકબીજાને જોતાં પ્રેમની છોળો તો ઊછળે!

ચાલો, ચાલો, જલદી કરો; સમય સાવ થોડો છે. કલહ બંધ કરી, નકામો બોજો ઓછો કરવા મંડી પડીએ.

ગાડી અણધારી આવશે ત્યારે સરસામાન બાંધવાનો, મિત્રોને મળવાનો અને શાન્તિભરી વિદાય લેવાનો સમય ક્યાંથી મળશે? જો આપણે પહેલાં સજ્જ થઈને નહિ રહીએ તો મિત્રોને મળ્યા વિના, સ્વજનોને સૂચનો કર્યા વિના, ભાતાનો ડબો લીધા વિના અને પ્રિયજનોની સ્મરણ-ભેટ સ્વીકાર્યા વિના જ, અણધારી ઘડીએ પ્રયાણ કરવું પડશે. અને અણધારી વિદાય કેવી આકરી, કેવી વિકટ અને કેવી માલ વિનાની હોય છે તે પણ શું મારે તમને સમજાવવું પડશે?

ના, ના; મિત્રો! તમે સર્વ કંઈ જાણો છો, મારે કંઈ કહેવાની જ જરૂર નથી; પણ હું તમારો એક બોલકો મિત્ર છું અને મારે બોલવાની ટેવ છે, એ તમે સૌ જાણો છો. એટલે આ બધું હું બોલી જાઉં છું; નહિતર મારે એક મિત્ર તરીકે આટલું જ નમ્ર સૂચન કરવાનું હોય:—

મિત્રો! મૃત્યની મહાગાડી આવવાનાં સર્વ સૂચનો થઈ ગયાં છે અને ધરતીમાં એના ધબકારા પણ વાગી રહ્યા છે.



# દુઃખનો પ્રકાશ

આજ સુધી હું એમ માનતો હતો કે દુઃખ માણસને સામર્થ્યહીન બનાવે છે, કર્તવ્યભ્રષ્ટ બનાવે છે, દીન અને અનાથ બનાવે છે; પણ આજના આ પ્રસંગે મારી દૃષ્ટિ બદલી છે. હવે સમજાય છે કે દુઃખ વાસનાની ભૂમિકા પર સર્જાયું હોય તો જ એ ઝેરી ડંખ બને છે, અને એ ડંખ મનને અસ્વસ્થ કરે છે.

પણ દુઃખ જો કોઈ શુભ સર્જનની ભાવનામાંથી જન્મ્યું હોય તો એ અગ્નિ જેવું હોવા છતાં એના સાન્નિધ્યમાં એક પ્રકારનો આનન્દ આવે છે. ટાઢમાં અગ્નિ હૂંફ આપે છે, કાંચનને અગ્નિ શુદ્ધ કરે છે, તો દુઃખનો અગ્નિ પણ માણસના મનને હૂંફ આપે છે, અને કાંચન જેવું શુદ્ધ કરે છે.

આવું દુઃખ મિથ્યા ભ્રાન્તિને ટાળે છે, આપણી આસપાસ રહેલા મિત્રવર્તુલમાંથી સાચા મિત્રને ચૂંટી આપે છે, આત્માના પવિત્ર પ્રકાશમય સ્વરૂપને પ્રગટ કરે છે ને ખોટી આશાઓના અસ્તિત્વને નાસ્તિમાં ફેરવે છે!

સૂર્યનો પ્રકાશ જો વિશ્વના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે, તો દુઃખનો પ્રકાશ જીવનના સત્યને પ્રગટ કરે છે!

સુપ્રસિદ્ધ ચિંતક ને કુશળ વ્યાખ્યાનકાર

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. 'ચિત્રભાનુ' ના

## અપૂર્વ ગ્રંથો

**સૌરભ** [સુંદર સચિત્ર નવી આવૃત્તિ] ૨—૦—૦

જીવનના બાગમાં નવીન વિચારણાની બહાર લાવે તેવા, સુંદર પદ્યના નમૂના જેવાં, રસભરપૂર ગદ્યમૌક્તિકોનો સંગ્રહ. એક એક મૌક્તિકમાં જીવનના બાગમાં નવી સૌરભ પ્રગટે તેવું સારરૂપ લખાણ છે. આ પુસ્તક ગુજરાતી ચિંતન-સાહિત્યમાં નવીન સૌરભ પ્રસારે છે. ભેટ, ઇનામ માટે પણ સુયોગ્ય છે.

**સંસ્કાર—સંભાર** ૧—૧૨—૦

તત્ત્વચિંતક મુનિરાજ અહીં જૂના વાર્તાસુવર્ણને નવા ઢાળ ને નવા અલંકારો સાથે રજૂ કરે છે.

**જીવન ને દર્શન** ૧—૦—૦

ભારતભરમાં ઘૂમેલા, વિશ્વની દશ ભાષાઓ પર અપૂર્વ પ્રભુત્વ ધરાવનાર ને જીવનભર પ્રત્યેક વર્તમાન પ્રવાહોનું વિશ્લેષણ કરનાર આ કુશળ વ્યાખ્યાનકારનાં ભાષણોનો સંગ્રહ છે. એક એક ભાષણ ધર્મ અને સમાજ—સમસ્યાના મર્મોને વીંધે છે.

**બિંદુમાં સિંધુ** ૦—૮—૦

સાદી આંખે સામાન્ય લાગતી ઘટનામાં પણ જીવનક્રાન્તિનાં બીજ રહેલાં છે. મુનિશ્રીની તેજસ્વી કલમે એવી મહાન પુરુષોના જીવનની નાની નાની ઘટનાઓ આમાં રજૂ થઈ છે.